
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ || અંક:૮ || ઓગસ્ટ૨૦૧૯ || સળંગ અંક : ૫૭૪

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in



ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત એચ.એમ. પટેલ કેરીયર ડેવલોપમેન્ટ સેન્ટર ખાતે સીવીએમના નોન-ટીચીંગ સ્ટાફ માટે યોજાયેલ Organisational Behaviour પરના બે દિવસીય વર્કશોપ પ્રસંગે લેવાયેલ તસવીરમાં સીવીએમના માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી.પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, સહમંત્રીશ્રીઓ પ્રિ. આર. સી. તલાટી, મેહુલભાઈ પટેલ, સંસ્થાના માનદ નિયામકશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા અને તાલીમાર્થી નોન-ટીચીંગ સ્ટાફના કર્મચારીઓ નજરે પડે છે.

(તસવીર-પુષ્પેન્દ્ર આર પટેલ, આણંદ)



ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત ઈપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઈન આર્ટસ તથા પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરુપે યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના ઉદ્‌ઘાટન પ્રસંગે લેવાયેલ તસવીરમાં દીપપ્રાગટ્ય કરતા સીવીએમના માનદમંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલ, વરિષ્ઠ પત્રકાર અને સંપાદક શ્રી જશવંત રાવલ, સુપ્રસિદ્ધ કવિ, નાટ્યકાર, સાહિત્યકાર તથા નિર્દેશક ડૉ. જયેન્દ્ર શેખડીવાલા, સંસ્થાનાં આચાર્યા ભાવનાબેન પટેલ તથા માનદ નિયામકશ્રી કનુભાઈ પટેલ દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા ડૉ. જયેન્દ્ર શેખડીવાલા, તથા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરતા કલાકારો દશ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઓગસ્ટ – ૨૦૧૯

વર્ષઃ ૨૧ અંકઃ ૮

સળંગ અંકઃ ૫૭૪

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષઃ ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ

ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**तुणोत्करैरुद्गतकोमलाङ्कुरैर्विचित्रनीलैर्हरिणीमुखक्षतैः**
**वनानि वैन्ध्यानि हरन्ति मानसं**
**विभूषितान्युद्गतपल्लवैर्द्रुमैः**

સંદર્ભ કાલિદાસ ગ્રન્થાવલી

विन्ध्य के वनों में कोमल-कोमल अंकुर उत्पन्न हुए हैं, विचित्र नीले रंगवाले तथा मृगों के मुखों से चबाये हुए तृण बिखरे हैं तथा नवीन-नवीन पल्लवों से भूषित वृक्ष हैं, ऐसे वे वन मनुष्यों के चित्तों को पुलकित कर रहे हैं।


।। કુલપતિની કલમે ।। Education in India during British Period – VI The Sargent Report 1944 (Part 1)
**» ડૉ. ભાવેશ પટેલ.......................... ૦૩**

।। પ્રાથમ્ય ।। પ્રેમાળ સ્પર્શ
**» એસ.જી.પટેલ.......................... ૦૫**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» ઝવેરચંદ મેઘાણી, મુકુન્દરાય પારાશર્ય, કલ્યાણજી વિ. મહેતા, ફૂલચંદ શાહ.......... ૦૭**

।। નવાં કાવ્યો ।।
**» ભાવેશ ભટ્ટ, માધવ આસ્તિક, નિકુંજ ભટ્ટ, પરેશ દવે.......................... ૦૮**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ) પહેલો વરસાદ
**» કાકાસાહેબ કાલેલકર...................... ૧૦**

।। આત્મકથા ખંડ ।। વૃક્ષની વેદના
**» શ્વેતા ચૌહાણ .......................... ૧૧**

।। ચિંતન ।। ભારતીય માન્યતાઓ
**» નરેશ વેદ .......................... ૧૨**

।। પ્રેરક પ્રસંગો ।। મણકોઃ૩- 'માનવતાની મ્હેંક'
**» શીલા વ્યાસ.......................... ૧૫**

।। વિશેષ ।। સંગઠન ભાવનાનું નિર્માણ કરો.....
**» બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ................ ૧૬**

।। પ્રાસંગિક ।। ગાંધીજીનું શિક્ષણ દર્શન : સંબંધનુ વિજ્ઞાન
**» મનસુખ સલ્લા.......................... ૧૮**

।। સમીક્ષા ।। 'પોળોના પાદરમાં'ની પ્રકૃતિની ફ્રેમમાં મઢાયેલું લોકજીવન
**» ઉત્પલ પટેલ .......................... ૨૨**

।। લઘુકથા ।। મૂળ
**» દુર્ગેશ ઓઝા.......................... ૨૫**

।। સમીક્ષા ।। સુકાયેલ દાળ પરનું ફૂલ- 'ત્રિદલ'
**» બિપિન બારૈયા.......................... ૨૬**

।। રમત-જગત ।। વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ-૨૦૧૯
**» પી.ડી.શર્મા..........................** ૨૯

।। વિદ્યાવૃત્ત ।।
**» ૯, ૧૪, ૧૭, ૨૧, ૨૪, ૨૫, ૩૧, ૩૨**

# Education in India during British Period – VI
## The Sargent Report 1944 (Part 1)

**Dr. Bhavesh Patel**

The first truly Indian Wardha scheme got a very good response from many philanthropic public trusts who were formed to start educational institutions in response to the thought process of establishing a good education system of India. For example, Gujarat Law Society (GLS) 1927, Ahmedabad Education Society (AES) 1935, our own Charutar Vidya Mandal (CVM) 1945 and Nadiad Education Society 1947. However, as we mentioned in the last article, the Wardha scheme was jeopardized due to the onset of World War II. During the period of WW II, the pace of progress in education front slowed down because popular ministries were absent, political problems dominated the Indian arena and Government was preoccupied with the war.

Partly because Indians provided active support to British Government in fighting the war, which they were winning, partly because British Government realised that they needed to put in serious efforts towards the education system in India and partly because they wanted to counter the attempts made by freedom fighters to evolve a National System of Education envisaged in Wardha Scheme (Chauhan, 2004:37), on advice of Sir John Sargent, British Government Educational Advisor, appointed a Committee of Enquiry of 22 members under the Chairmanship of Sir Joginder Sigh for the review of education system and for making comprehensive suggestions. The Committee of Enquiry submitted its report to the Central Advisory Board of Education in 1944. The comprehensive report is also known as report on the "Post-war Educational Development in India"(or as Sargent Scheme of Education, not giving any credit to the Chairman of the Committee of Enquiry).

For the first time, the Committee conducted a comprehensive study of all previous National Education schemes and recommendations and came up with a comprehensive plan for educating Indians starting from the age 3 to completion of University education. The goals were set for hundred percent literacy across the population making some part of education compulsory for a certain age-group pupil and making provision for adult education. The time-line of 40 years was set for achieving universal literacy of the population of India and attaining all goals set for the education system.

Keeping in mind language diversity of India and ease of early learning in one's own mother tongue, provisions were made for study in vernacular language while studying English as a language from a certain age and above. The societal needs were identified in the areas of technical and vocational education. It was identified that a nation would need chief executives and research brains for better future, minor executives, foremen, charge-hands and likes, skilled craftsmen, semi-skilled and unskilled labour.

It was also recognised by the Sargent Report that in the area of arts and pure science literary skills and fundamental research must be promoted. The curriculum also provided for education for leisure and education for social work.

The most important recommendation included the advancement of students in further studies based on only merit, competence and interest. It was proposed

that while the compulsory education for all is up to the age of fourteen (completion of Senior Basic) the further study is not for all students. Only meritorious students should get admission in High Schools. Further, after the High School not more than 15% to 20% of those who write competitive examination should get admission in Universities. These provisions together with technical and vocational education and diverse curriculum with several options to chose from,were designed to divert the students to various vocational jobs at the appropriate stage and to create pools of job-ready students for the varied needs of the society. In the process of filtration, care was taken to ensure that meritorious children of poor families get equal opportunity and are provided with generous financial assistance.

While laying emphasis on jobs required in the nation and preparing students accordingly, the aspects of health were not forgotten. Provisions were also made for health and physical education. Special needs of girl students, rural students, handicapped and mentally retarded (these terms were acceptable at that time) students also got due attention in the Report.

It was well accepted that the nation would require a pool of trained teachers for the proposed education policy to succeed. A plan was drawn for the training of teachers and their salary structure so that the report's recommendations can be implemented to achieve its goal of universal and well-round education within forty years. The thoughts were given for the creation of an administrative structure for efficient execution of the plan at Centre as well as State levels and financial plans were drawn for liberal funding of education.

In nutshell, though the Sargent Report was criticized as nothing but compilation of all previous work and for its liberal target of 40 years for the attainment of educational goals, the fact remained that this Report was very comprehensive to address the long-term needs of the nation and society with provisions for filtering out at various stages the students with different skills and aptitudes. Weaker sections were taken into consideration, rural economy was not ignored, as well as administrative and financial requirements were also addressed in this Report. We will discuss the salient proposals of Sargent Report at each stage of education in the next issue.

Kulpati

Charutar Vidya Mandal

-------------

This article is based on the following sources: Kalsa, P. (2016, November 10). Sarget Report. Retrieved November 15, 2019, from https://www.slideshare.net/PritiKalsia/sargent-report

Naike, J. P. &Nourellah, S.: A Student's History of Education in India, MaCMillan India Ltd., 1996.

Rawat, P. L.: History of Indian Education, Ram Prasad & Sons, Agra, 1991.

Referred in http://m.kkhsou.in/EBIDYA/EDUCATION/MODIFY_sargent_report.html

(2019, June 13th). Retrieved July 7th, 2019, from wikipedia: https://en.wikipedia.org/wiki/Sargent_Scheme

I acknowledge the active support given to me by Dr. Poonam Amrutia, Executive Assistant to me in summarising selected literature on the topic.

# પ્રેમાળ સ્પર્શ

**એસ. જી. પટેલ**

નિશાળમાં પાંચમાં ધોરણનો વર્ગ ચાલુ થવાનો હતો. બાળકોને નવા શિક્ષિકાબહેન માટે ઈંતેજારી હતી. બાળકો અને શિક્ષિકાબહેન બંને એકબીજા માટે નવા હતાં. બેલ વાગતાં જ એક સુંદર બહેને વર્ગમાં પ્રવેશ કર્યો. જેમનું નામ મીસ.મૃદુલા હતું. અભિવાદન થયું. સૌએ એકબીજાનો પરિચય આપ્યો. દરેક છોકરાના અવાજમાં ઉત્સાહ ઊભરાતો હતો. પણ ત્રીજી હરોળમાં બેઠેલો એક છોકરો કંઈપણ બોલ્યા ચાલ્યા વિના બેઠો રહ્યો. લઘરવઘર વેશ અને કેટલાય દિવસથી જાણે નાહયો ન હોય, કદાચ ગંધાતો પણ હોય એવા છોકરાને જોઈને શિક્ષિકાને સૂગ ચડી ગઈ. એમણે એનું નામ જાણી લીધું. રાજ. એના મનમાં રાજ પ્રત્યે ધૃણાની લાગણી જન્મી ગઈ.

દિવસો અને અઠવાડિયાં વીતતાં ગયાં. એક સોમવારની સવારે મૃદુલાએ પોતાના વર્ગમાં પ્રવેશ કરતાં બાળકોને અભિવાદનમાં કહ્યું-''Love you all''-પણ તેને ખબર હતી કે તે જુઠ્ઠું બોલે છે, કારણ કે તેના મનમાં પેલા રાજ પ્રત્યે ધિક્કારનો ભાવ વધતો હતો. અને તેનામાં કોઈ જ સુધારાનો અવકાશ ન હતો. પેલા મશ્કરીના પાત્ર સમા પાત્રને ઊતારી પાડવાનો એક પણ મોકો ચૂક્તા નહીં. શરૂઆતમાં તો એ રાજનાં પેપર તપાસતાં ખરાં પણ એકાદ-બે વખત શૂન્ય માર્કસ આવતાં તેણીએ તેના અઠવાડિક કસોટીનાં પેપર પર પહેલે પાને મોટું લાલ મીંડુ મૂકવાનું શરૂ કરી દીધુ. રાજના અક્ષરો પણ એટલા ગડબડિયા હતા કે ભાગ્યે જ કોઈ ઉકેલી શકે. વારંવાર નાપાસ થવા છતાં જાણે કંઈ જ બન્યું ન હોય એમ વર્તતો. નીચું જોઈને બેસી રહેતો. આખો વર્ગ અને શિક્ષિકા એની મજાક કરતા હોય ત્યારે એ પગના અંગૂઠાથી જમીન ખોતરતો રહેતો. શિક્ષિકાએ હવે તેને બધી બાબતમાં અવગણવાનું શરૂ કરી દીધું હતું.

શિક્ષિકાએ વર્ગના બધા વિદ્યાર્થીઓનો મધ્ય સત્રનો રીપોર્ટ તૈયાર કરી શાળાના આચાર્યા પાસે રજૂ કર્યો. આચાર્યાની જવાબદારી હતી કે તેણીએ બધા જ વિદ્યાર્થીઓના પ્રગતિ પત્રક જોઈને સહી કરવી. આચાર્યાએ પેલા રાજનું પ્રગતિ પત્રક જોતાં જ મૃદુલાબેનને બોલાવી જણાવ્યું કે ''પ્રગતિ પત્રકમાં બાળકની પ્રગતિ દેખાવી જોઈએ. મા-બાપને ખબર પડવી જોઈએ કે તેમના બાળકે કંઈક પ્રગતિ કરી છે. જ્યારે રાજના મા-બાપ આ પ્રગતિ પત્રક જોશે તો તે ઘણા દુઃખી થશે.''

મૃદુલાબેને આચાર્યાને જવાબ આપતાં જણાવ્યું કે રાજની કોઈ જ પ્રગતિ નથી. મારી પાસે એના વિષે સંતોષકારક લખવા જેવું કંઈ જ નથી. આચાર્યાએ એમના વહીવટી વિભાગને જણાવ્યું કે રાજના પાછલા વર્ષોના પ્રગતિના અહેવાલ શોધીને મૃદુલા મેડમને આપો. મૃદુલા મેડમે રાજના આગલા વર્ષોના રેકોર્ડ જોયાં. તેમાંથી જાણવા મળ્યું કે-રાજના પહેલા ધોરણના વર્ગ શિક્ષકે લખેલું કે 'રાજ એક ખૂબ જ હસમુખો અને હોશિયાર છોકરો છે. તેના અક્ષર મોતીના દાણા જેવા છે. આટલો ઉત્સાહી અને જીવંત છોકરો વર્ગમાં બીજો એકેય નથી. એ કદાચ ભવિષ્યનો સિતારો છે. 'I wish all the best to him' મૃદુલા મેડમને આ વાંચીને નવાઈ લાગી કારણ કે આજના રાજ સાથે આ વાતનો કોઈ મેળ ખાતો નહોતો. તેમણે આગળ વાંચવાનું શરૂ કર્યુ. બીજા ધોરણના શિક્ષકે નોંધ કરી હતી કે રાજ અત્યંત હોશિયાર અને ચપળ છોકરો છે. દરેક વિદ્યાર્થીનો એ માનીતો છે. પણ પાછલા થોડાક દિવસથી એ બેધ્યાન બની ગયો છે. એનું કારણ એની માતાને છેલ્લા તબક્કાનું કેન્સર છે એ હોઈ શકે. સાંભળવામાં આવ્યા મુજબ એના પિતા દારુડિયા છે. એના ઘરની ખરાબ પરિસ્થિતિની એના પર અસર થઈ રહી છે.'' આ વાંચ્યા પછી મૃદુલા મેડમને આઘાત લાગ્યો.

ત્રીજા વર્ગ શિક્ષકની નોંધ હતી, ''માતાના મૃત્યુથી રાજ ભાંગી પડ્યો છે. આટલો નાનો બાળક હંમેશાં ઉદાસ બેઠો રહે છે. ક્યારેક એકલો એકલો કંઈક બબડતો રહે છે. ક્યારેક તેની આંખમાં આંસુ આવી જાય છે. એ કંઈ જ બોલતો નથી. કોઈ સાથે એ હવે વાત પણ કરતો નથી. ભણવાના પૂરા પ્રયત્ન છતાં એ ભણવામાં ધ્યાન આપી શક્તો નથી. જો કોઈ યોગ્ય પગલાં નહીં લેવાય તો એવું બને કે એના કુમળા માનસને આ આઘાતમાંથી પાછું નહીં વાળી શકાય...'' આવા પીડાતા બાળક માટે પોતાનું વર્તન કેવું ખરાબ રહ્યું હતું? મીસ.મૃદુલાને પોતાની જાત માટે શરમ આવવા લાગી હતી.

ચોથા ધોરણના શિક્ષકે લખ્યું હતું કે. ''રાજ કોઈ પણ બાબતમાં રસ લેતો નથી. એનું જીવન સત્વ જાણે લૂંટાઈ ગયું છે. માહિતી મુજબ એના પિતા હવે ઘેર પાછા આવતા નથી અને બીજી કોઈ સ્ત્રી સાથે રહે છે. એ કોઈની સાથે વાત પણ કરતો નથી. પોતાના શરીર કે વાળની દરકાર પણ નથી કરતો. ભગવાનને હું પ્રાર્થના કરું છે કે રાજને કોઈ મદદ મળી રહે.''

બસ આટલું વાંચતાં જ મીસ.મૃદુલા ચોધાર આંસુએ

રડી પડ્યાં. તેણી આચાર્યા સામે જોઈ લાગણીસભર શબ્દોમાં બોલ્યાં કે હું સમજી ગઈ, મને ખબર પડી કે મારે શું કરવાનું છે: મૃદુલા મેડમ પોતાના ઘરે જતાં રસ્તામાં વિચારે ચઢી ગયાં. અને પોતાની જાત પર તિરસ્કાર છૂટ્યો. એક નાનકડા નિર્દોષ જીવને પોતે કેવી ઈજા પહોંચાડી હતી? રાજ મેલોઘેલો હતો, લઘરવઘર હતો અને ગંધાતો હતો એ પોતે જોયું પણ એ શું કામ એવો હતો એ જાણવાની આ ત્રણ મહિનામાં દરકાર ન કરી. એ ભણવામાં ઝીરો માર્કસ લાવતો હતો એ પોતે પેલા લાલ મોટા મીંડાથી સાબિત કર્યું હતું, પણ એ છોકરો શાથી નાપાસ થતો હતો એ ક્યારેય જાણવાની ઈચ્છા નહોતી કરી. શું પોતે એક સાચા શિક્ષકને શોભે એવુ કંઈ કર્યું હતું ખરું? જરાય નહીં ઉલટાનું તો પોતે સાવ વખોડવા લાયક જ વ્યવહાર કર્યો. આખી રાત ઉદાસ ચહેરે પસાર કરી, પછી રવિવાર જેમ તેમ કાઢી, બીજો દિવસ સોમવાર, સવારમાં વર્ગમાં પ્રવેશ કરતાં બોલે છે-''I Love you all''-આજે પણ એ જાણે છે કે હું જુઠું બોલું છે, કારણ કે આજે એ રાજને તેની કલ્પના કરતાં વધારે સવિશેષ પ્રેમ કરતી હતી. તેણીનો અભિગમ રાજ પ્રત્યેનો બદલાઈ ગયો હતો. તે સંપૂર્ણપણે સકારાત્મક અને નાનકડી વાતમાં પણ તે અભિપ્રેરણા મળી રહે તેવા શબ્દોથી નવાજવા લાગ્યાં.

હવે વર્ષના અંતમાં શાળાના બધા બાળકો તેમના વર્ગશિક્ષક મૃદુલા મેડમ માટે કંઈક ભેટ આપવા લાવ્યાં હતાં. બધાં બાળકો રંગબેરંગી કવર કરેલી ભેટ આપતાં હતાં. છેલ્લે રાજ ઊભો થયો. એના હાથમાં કરિયાણાની દુકાનેથી આવેલી કથ્થાઈ કાગળની કોથળી હતી. મૃદુલાબેન લઈ એ જોઈ રહ્યાં હતા. થોડુંક ચાલ્યા પછી એ મૂંઝાયો. બધા છોકરાઓ એના હાથમાંની ગંદી કોથળી જોઈને હસતા હતા અને મશ્કરી કરવા લાગ્યા. નીચું જોઈને ખચકાતાં ખચકાતાં એણે હાથ લંબાવ્યો. ''મારા વહાલા દીકરા! આ ભેટ આપવા બદલ તારો ખૂબ ખૂબ આભાર!'' કહેતાં મૃદુલા મેડમે તેના માથા પર પહેલી વાર સાચા દિલથી હાથ ફેરવ્યો. રાજે પોતાની માતાના મૃત્યુ પછી કદાચ પહેલી વાર આવો પ્રેમાળ સ્પર્શ અનુભવ્યો હશે. આ ક્ષણે મૃદુલા મેડમની મૃદુતા સભર આંખો ભીનાશથી ઊભરી આવી. તેણીએ એ ભેટનું કવર ખોલ્યું. તેમાં અડધી ભરેલી Perfume બોટલ અને બ્રેસલેટ હતો, જેના અડધા મણી-મણકા તૂટી ગયેલા હતા. તેણીએ બોટલ ખોલી અને પોતાના શરીર પર સ્પ્રે કર્યું અને બ્રેસલેટ હાથ પર પહેર્યો. આ દૃશ્ય જોતાં રાજના મુખ પર હાસ્યનું ચમક આવી ગયું અને બોલ્યો. ''હવે તમો મારી માતા જેવા લાગો છો અને સુવાસ ફેલાવો છો કારણ કે આ છેલ્લી બોટલ હતી જે મારી માતાએ વાપરી હતી અને બ્રેસલેટ મારી માતાના મૃત્યુ પછી જ ઊતારી લેવાયો હતી.''

એકાદ વર્ષ પછી મૃદુલાને એક પત્ર મળ્યો. જેમાં લખાણ હતુ: ''મેં ઘણાં શિક્ષકો જોયા છે, પરંતુ એ બધામાં તમો જ શ્રેષ્ઠ શિક્ષક છો. ખૂબ જ પ્રેમનો અધિકારી-તમારો રાજ.'' દર વર્ષે આવા પ્રેમસભર પત્રો મૃદુલા મેડમને મળતા રહ્યા. વર્ષોના વર્ષો વિતતા ગયા અને એક બીજા વચ્ચેનો સંપર્ક ઘટતો ગયો. એક દિવસે મૃદુલા મેડમને આશ્ચર્ય પમાડે એવો કવરપત્ર મળ્યો જેના પર લખાણ હતું. from: Raj, Ph.D. કવર ખોલતાં એમાં એક પત્ર અને વિમાન મુસાફરી માટેની ટિકિટ હતી પત્રમાં અંકાયેલા શબ્દો હતા: ''I have seen many more people in the life, you are the BEST TEACHER. I am Getting Married. I am dreaming that I can't marry without your presence.''

મૃદુલા મેડમ વિચારમાં પડી ગયા કે હવે શું કરવું? વિચારણાના અંતે નક્કી કર્યું કે એ લગ્ન સમારંભમાં હાજરી આપી આશીર્વાદના અધિકારીને શુભ પ્રસંગે સન્માનવો. હવે પેલું Perfume રહ્યું નથી, પણ પેલો બ્રેસલેટ પહેરીને તૈયાર થઈ લગ્ન સમારંભ જે ટાપુ પર યોજાયો હતો ત્યાં સમયસર પહોંચે છે. સમારંભમાં ગોઠવાયેલ પાછલી ખુરશી પર બેસવા જતાં હતાં. ત્યાં જ રાજના સ્વયંસેવકો મૃદુલા મેડમને ઓળખી લે છે અને તેમને પ્રથમ હરોળમાં જ્યાં ''MOTHER'' માટે અનામત રાખેલી જગા પર બેસાડે છે. તરત રાજ આવીને પગે લાગે છે અને કહે છે તમો જ મારા માતાજી છો. લગ્ન સમારંભ ઘણા જ આનંદ ઉત્સાહમાં પૂર્ણ થાય છે અને રાજ તેની પત્નીનું પોતાની શિક્ષિકા સાથે ઓળખાણ કરાવતાં જણાવે છે: ''without her, I can't be here. This is what I am today is because of Mss. Mrudula.'' બંનેની આંખોમાં હર્ષનાં આંસુ આવી જાય છે. મૃદુલા મેડમ બોલે છે: ''Without Raj I never realised a teacher is first Mother to every student then a teacher.''

માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ
ફોન. ૦૨૬૯૨-૨૩૬૪૯૩

## સ્વાતંત્ર્ય સંગ્રામના ગીતો

**ઝવેરચંદ મેઘાણી**

### છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ :
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ !
અમારા યજ્ઞનો છેલ્લો બલિઃ આમીન કે'જે!
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે!
વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે!
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે!

પ્રભુજી! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું-
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુએલું!
દુવા માગી રહ્યું, જો, સૈન્ય અમ તત્પર ઊભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે :
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે?

જુઓ આ , તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા :
સમર્પણ હો, સમર્પણ હો, તને એ સર્વ પ્યારા!

ભલે હો રાત કાળી-આપ દીવો લૈ ઊભા જો!
ભલે રણમાં પથારી-આપ છેલ્લાં નીર પાજો!
લડન્તાને મહા રણખંજરીના ઘોષ ગાજો!
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો!

તૂટે છે આભ ઊંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા!

(૧૯૩૦. સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં કવિ પર પાયા વગરના આરોપસર મુકદ્દમો ચાલેલો, ત્યારે બે વર્ષની સજા કરનાર મેજિસ્ટ્રેટ મિ. ઇસાણીની ધંધુકા ખાતેની અદાલતમાં એમની અનુજ્ઞાથી કવિએ ગાયેલું.)

## દેશગીત

**મુકુન્દરાય પારાશર્ય**

અમારે દેશ લૂ-ઝરતા ધખ્યા ગ્રીષ્મે ધખારા,
હવે મલ્લાર ગાવા સાંઝ વેળા આવ, વ્હાલા!
વલોવાતા ગયા સૈકા, ગરલ પીધાં શમાવ્યાં :
અમીકૂંપો લઇ ક્યારે હવે છો આવવાના?

નથી જોતાં અમારે કંઇ તમારાં શસ્ત્રઅસ્ત્રો,
ન વા કંઇ સાથ જોતો સજ્જ શૂરા સૈનિકોનો;
ફક્ત અમ સારથિરૂપે અમારી રાશ ઝાલો,
કુરુક્ષેત્રે પછી યુદ્ધે નથી ડર હાર કેરો.

અમે જંજીર જાતે નાખશું તોડી વછોડી,
ઝીલીશું સામી છાતીએ અમે બંદૂક-ગોળી;
મરીશું તો પરાધીનતા-દુખોથી તો છૂટીશું,
પરન્તુ આ સ્થિતિથી ના પરાજય કોઇ સ્હેશું.

અમારા ખડ્ગમાં ચમકાર તીખો સત્ય કેરો,
અમારે યુદ્ધમાં આનંદ છે ચારિત્ર્ય કેરો.
અમારે મૃત્યુમાં વિશ્વાસ છે સ્વાતંત્ર્ય કેરો :
જયાન્તે ધ્વજ ચડાવીશું અમે જગશાન્તિ કેરો.

## યોદ્ધાના અભિલાષ

કલ્યાણજી વિ. મહેતા

ઓ માત હિંદ મારી! ઓ સ્વર્ગથીય પ્યારી!
શી સાધનાથી બેડી કાપી શકું હું તારી?

તુજ મુક્તિ માટ ધાવા ચરણો ખડા છે, માતા!
તુજ હિત માટ દીધા સાબૂત હાથ મારા.

વાણી દીધી જ ગાવા તુજ પ્રેમગાન રૂડાં;
તુજ દિવ્યમૂર્તિ જોવા નયનો તણા એ તારા.

ગૂંજી રહ્યા છે કર્ણો! તુજ સ્તોત્રને પ્રવાહે;
ધબકાર થાય હૈયે તુજ પ્રેમને ઉમળકે.

તુજ મુક્તિ માટ, માડી! કહે તો સમાધિ સાધું,
અંધારી ઓરડીની એકાંત કેદ સેવું.

મુજ રકતથી કરું હું અભિષેક,માત તારો;
મુજ શિર જો ચઢાવું, તો ધન્ય દેહ મારો !

## ડંકો વાગ્યો

ફૂલચંદ શાહ

ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે!
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે.

માથું મેલો, સાચવવા સાચી ટેકને રે!
સાચી ટેકને રે, સાચી ટેકને રે.

તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે!
જુલ્મી કાયદા રે, જુલ્મી કાયદા રે.

ભારતમુક્તિને કાજે કાયા હોમજો રે!
કાયા હોમજો રે, કાયા હોમજો રે.

॥ નવાં કાવ્યો ॥

## મતલબ છે

ભાવેશ ભટ્ટ

બારણાં ખોલવાથી મતલબ છે
આપના આવવાથી મતલબ છે

સૂર્ય અને ચંદ્ર જાય ખાડામાં
આભના ઉગવાથી મતલબ છે

આપ રાખો હિસાબ ફૂલોનો
મહેકને ચૂંટવાથી મતલબ છે

આંખ હો ખાલી કે ભરેલી હો
ગીધને ચૂંથવાથી મતલબ છે

જાત સાથે તું લાવ કે ના લાવ
વાયદો પાળવાથી મતલબ છે

ચિત્ત કે પીંછીમાં ન ફેર કશો
દશ્યને ઘૂંટવાથી મતલબ છે

H-૫૦૩, સ્વામિનારાયણ, કેસલ-૧,
ગઅર્જુન-આશ્રમની પાછળ, ગ્રીનસીટી
રોડ, નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨૪૮૧
(૯૮૨૫૧૫૦૨૪૪) (૮૧૬૦૨૬૬૬૪૦)
bhavbhatt12gmail.com

## ગઝલ

માધવ આસ્તિક

પ્રથમ તમારું પ્રમાણ બદલો,
પછી કહો કે લખાણ બદલો.

બધાય અર્થોની થાય અરથી,
જરા તમે જો છપાણ બદલો.

વિરહ, ઝુરાપો, ડૂમા ને ડુસકા?
તમે કદી ક્યાં બિડાણ બદલો?

નિભાવવી જો બને અશક્ય,
તમે ખરા છો કે આણ બદલો.

ન હોય કપરું ચઢાણ તો તો,
તરત તમે એ ચઢાણ બદલો.

પ્રયોગખોરો ઘણુંય કહેશે,
છતાં ન સ્હેજે પ્રયાણ બદલો.

સરનામું-૬, સાંઈધામ સોસાયટી,
શ્રી વિહાર સોસાયટી ની બાજુમાં,
બાકરોલ લાંભવેલ રોડ, બાકરોલ, આણંદ- ૩૮૮૩૧૫
Cell number - ૯૭૩૭૦૭૦૮૦૯
Email - astikmadhavgmail.com

## ગઝલ

**નિકુંજ ભટ્ટ**

આગ દરિયાની વચ્ચે કશે લાગવાની હતી એનું શું થયું?
ને પછી દાવ પર આબરૂ ખારવાની હતી એનું શું થયું?

પૂછવાનું છે સ્વપ્નો મળે તો આ ઈચ્છા અને વેદના વિશે,
એક મંડપમાં બે જાન પરણાવવાની હતી એનું શું થયું?

આજનું છાપું વાંચીને સીધો ગયો પૂછવા હું એ ભીંતને;
વાત છૂપાવીને જે બધી રાખવાની હતી એનું શું થયું?

લાસ્ટ મેસેજમાં તેં કહ્યું એ પ્રમાણે હજી રાહ જોઉં છું;
ઝાંઝરી જે તું પાછી મને આપવાની હતી એનું શું થયું?

હું,અગાસી અને તારી તસવીર જાગ્યા હશું, એ તો ઠીક પણ;
જેમની સાથે તું રાતભર જાગવાની હતી એનું શું થયું?

સરનામુઃ કહાનવાડી, એસાર પેટ્રોલપંપ પાછળ, અંકુર વિદ્યાલયની
પાસે, સોનગઢ, ૩૬૪૨૫૦, તાઃ સીહોર, જીઃ ભાવનગર,
મોઃ ૯૯૯૮૪૪૪૩૩૮

## ગઝલ

**વાત ખરી છે?**

**પરેશ દવે**

કવિતા ઝળહળ સોનપરી છે?
પૂછો કે આ વાત ખરી છે?

હું જૈ બેઠો ઝાકળ ઓઢી,
ફૂલો પર તો આગ ઠરી છે.

રસ્તો ઠેબાં જેમ ફળ્યો છે,
ડગલું દેતાં હાંફ ચઢી છે.

કોણે વીંઝી પાંખ ગઝલમાં?
વાદળની આ કોર ખરી છે.

૨૩, સ્વામીધામ, ક્રિષ્ન નગર સોસાયટી,
જે.કે. પાર્કની પાછળ, ચિખોદરા ચોકડી, મુપો.ચિખોદરા.
તા.જિ.આણંદ.
Email dave paresh 1959@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

### ચારુતર વિદ્યામંડળ મોનસૂન સ્પોર્ટ્સ કાર્નિવલ-૨૦૧૯ યોજાયો.

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ, શિક્ષણની સાથે સાથે રમત-ગમતને માટે પણ આગવું સ્થાન પૂરું પાડે છે જેથી કરીને વિદ્યાર્થીઓ પોતાની આવડત અને કૌશલ્ય રજૂ કરી શકે.

જ્યારે વિદ્યાર્થીઓ રમત-ગમત પ્રત્યે શારીરિક રૂપે યોગ્ય હોય, ત્યારે તેઓ વધુ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરશે. સ્પોર્ટ્સથી વિદ્યાર્થીઓમાં મિત્રતાની ભાવના વિકસે છે અને તેમની ટીમની ભાવનાને વિકસિત કરવા ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની માનસિક અને શારીરિક કઠોરતા વિકસાવવા માટે મદદરૂપ બને છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ચારુતર વિદ્યામંડળ મોનસૂન સ્પોર્ટ્સ કાર્નિવલ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટેબલ-ટેનિસ, ચેસ, બેડમીન્ટન, ફૂટબોલ, વોલીબોલ, બાસ્કેટ બોલ અને હેન્ડબોલ જેવી રમતો યોજવામાં આવશે. પ્રથમ દિને ચારુતર વિદ્યામંડળનાં માનદ સહમંત્રી શ્રી મેહુલભાઈ ડી પટેલ, અતિથિ વિશેષ શ્રી દેવાંગભાઈ દેસાઇ અને એરીબાસ બાયોટેકનોલોજી કોલેજનાં ઈન-ચાર્જ હેડ ડો.ભક્તિ બાજપાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી મેહુલભાઈ પટેલે ચારુતર વિદ્યામંડળ સંચાલિત સર્વે કોલેજોનાં રમતવીરો અને સ્પોર્ટ્સ અધ્યાપકોને શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે સર્વે રમતવીરોએ ગુરુવંદના ગીત સમૂહમાં રજૂ કર્યું હતું. ન્યુ વિદ્યાનગરમાં આવેલી એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં ટેબલ-ટેનિસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮૦ વિદ્યાર્થીઓ અને ૩૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. એરીબાસ બાયોટેકનોલોજી કોલેજનાં સ્પોર્ટ્સ અધ્યાપક તેમજ કન્વીનર ડો. રજનીકાંત પી પટેલ, ડો.જયંતિભાઈ ચૌહાણ (વી.પી એન્ડ આરપીટીપી સાયન્સ કોલેજ) અને શ્રી કૃણાલ શાહનાં માર્ગદર્શન મુજબ યોજવામાં આવી હતી શ્રી મેહુલભાઈ પટેલે ચારુતર વિદ્યામંડળ સંચાલિત સર્વે કોલેજોનાં રમતવીરો અને સ્પોર્ટ્સ અધ્યાપકોને શુભેચ્છાઓ આપી હતી.

## પહેલો વરસાદ

**કાકાસાહેબ કાલેલકર**

કાલે સાંજે વરસાદનું વાતાવરણ ખરેખરું જામ્યું હતું. જ્વાળામુખીના શિખરના દ્રોણમાં ધાતુઓનો રસ સીઝતો હોય તેમ આકાશમાંનાં વાદળાં ખદખદતાં હતાં. પ્રથમ બહુ ધીરે ધીરે ને પાછળથી ઝપાટાથી. વાદળાંને રંગ અસાધારણ સુંદર આવ્યો હતો પણ તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. કાળી સ્લેટમાં કોક કોક વખત લીલો રંગ મળેલો દેખાય છે તેની ઉપમા કદાચ આપી શકાય. ગોરા બાળકના શરીર ઉપર લીલા અને ભૂરા રંગનું મિશ્રિત એવું લાખું હોય છે તેનું સ્મરણ પણ આ વાદળાં જોતાં થાય. પણ ખરેખર તે રંગનું વર્ણન કરવા ભાષામાં પૂરતા શબ્દો જ નથી અંગ્રેજીમાં ચટણીરંગ કરીને એક જાણીતો રંગ છે. ઇમારતોના પથ્થર માટે તથા ચોપડીનાં પૂંઠાં માટે તે રંગ પસંદ કરવામાં આવે છે પણ સજલ મેઘોના તેજસ્વી શ્યામ વર્ણમાં લીલા રંગની જે સૂક્ષ્મ છટા કોક વાર દાખલ થાય છે તેની નરમાશ, કોમળતા અને મોહકતા બીજે ક્યાંય જોવા મળે નહીં. માત્ર યૌવનની કાન્તિ કે લાવણ્ય આ મેઘકાન્તિની કંઈક બરાબરી કરી શકે.

સાંજે વરસાદ પ્રથમ ધીરે ધીરે આવવા લાગ્યો. જમીનમાંથી માટીની સુવાસ ફેલાવા લાગી. પછી વરસાદ જોરથી શરૂ થયો. જમીન ઉપર પાણી વહેવા લાગ્યું. વાદળાં જેમ જેમ જાડાં થવા લાગ્યાં તેમ તેમ વીજળીને તેમાં રમવાની મજા પડવા લાગી. આકાશ કોણ જાણે કયાં સંતાઈ ગયું, હતું ! તેને મારીમચડીને તેનો ભૂકો કરી પોતાનો રંગ વધારે ઘેરો બનાવવા માટે આ વાદળાં તેને હોઇયાં કરી ગયાં હોય એમ લાગતું હતું. માત્ર પશ્ચિમ તરફ થોડુંક આકાશ ટકી રહ્યું હતું ખરું. પણ વાદળાંએ પૂર્વમાં કરેલું જીવલેણ આક્રમણ જોતાં પશ્ચિમ તરફના આકાશનું ભવિષ્ય ઉજ્જ્વલ દેખાતું ન હતું. આવા હુમલા તો વાદળાંઓએ આકાશ ઉપર કેટલીય વાર કર્યા હશે. અને દરેક વખતે એમ લાગે કે વાદળાંનો વિજય થઈ આકાશનો સમૂળ નાશ થયો. પણ આકાશ તે આકાશ અલિપ્ત, શાંત અને અનન્ત ! કોઈ પણ જાતનો પ્રતિકાર કે વિરોધ કર્યા સિવાય જ તે વિજયી થાય છે.

ખરું જોતાં અનંતકાળ અને અનંત આકાશ બંને એક જ છે. દિક્કાલનો ભેદ મનોગત જ છે. અનંતત્વમાં તેવો ભેદ હોઈ જ ન શકે. આનંત્યની હેતુ તો અંતિમ ઐક્ય સાધવાનો જ હોય

વરસાદને થયું, કે ધ્વનિ જો બધે પ્રસરે છે, પ્રકાશ બધે ફેલાય છે, તો હું પણ આ માનવી કીટોના દરમાં શા માટે ન પેસું ? દુર્વાસાની જેમ अयं अहं भोः કરીને એણે બેચાર ટીપાં અમારી ઓરડીઓમાં નાખ્યાં. અમે બહાદુરીથી પાછા હઠ્યા. સરસ્વતીનાં કમળો પાણીમાં રહ્યા છતાં પાણીથી અલિપ્ત રહી ભીંજાતાં નથી ખરાં, પણ સરસ્વતીનાં પુસ્તકોને એ કળા હજી પ્રાપ્ત થઈ નથી. તેમને તો દરવાજા પાસેથી ભગાડવાં એ જ ઇષ્ટ હતું. પુસ્તકોને દૂર ખૂણામાં મૂકી મનમાં કહ્યું 'कठिण समय येतां कोण कामास येतो' એટલે કે કઠણ વખત આવી પડ્યે કોણ કામ આવે? ખૂણો (कोण) કામ આવે ખરો ! જોતજોતામાં વરસાદે હુમલો જોશમાં ચડાવ્યો. આખી ઓરડી તો એણે ભીની કરી મૂકી જ પણ તદ્દન ભીંતે અડીને પાથરેલી પથારીને મળવા આવવાનું પણ તેને મન થઈ આવ્યું. મેં પણ કાંબળો ઓઢીને પ્રસન્ન મને તેનું સ્વાગત કર્યું. વર્ષાની શરૂઆતની આ પહેલી સલામીની કદર કરવાનું મન કોને ન થાય ?

વરસાદ ગયો કે તરત જ પાથરણાના એક કકડાથી જમીન લૂછી લીધી અને સરકારના લેણદારની જેમ ઊમરા ઉપર ઓશીકું મૂકી નિરાંતે સૂઈ ગયો. તફાવત એટલો જ કે લેણદાર ઊમરાની બહારની બાજુએ પડી રહે છે જ્યારે હું તેની અંદરની બાજુએ સૂતો.

રાત્રે અગિયાર વાગ્યે ચાંદામામાનાં દર્શન થયાં. આકાશમાંનાં વાદળાં જરા વીખરાઈ ગયાં હતાં; પણ તેમનું જોર કંઈ ઘટ્યું ન હતું. પરોઢિયે માત્ર આકાશ હંમેશ મુજબ થોડાંક વાદળાંને રમાડતું હતું.

આજે એક વસ્તુ નજરે પડી. સવારે પૂર્વ તરફનાં વાદળાંમાં ફીકાશ આવે ત્યારે જ આકાશના રંગ દીપી નીકળે છે. આજે આકાશમાં લાલાશવાળી ગુલાબી છટા વિશેષ દેખાતી હતી. છટા વિના લાવણ્ય શોભી નીકળતું નથી. આજની સૌંદર્ય-તરલતા કંઈ વિશેષ હતી.

-'જીવનનું કાવ્ય'માંથી સાભાર.

## વૃક્ષની વેદના

શ્વેતા ચૌહાણ

મારી ઓળખ આપું તો વૃક્ષ છું હું. મારા ભાઈ બહેનો અનેક છે. મારો જન્મ અને ઉછેર પ્રકૃતિની ગોદમાં જંગલમાં થયો હતો. હું જીવંત છું અને સૌને જીવંત રાખી શકું છું. વર્ષોથી મારા પૂર્વજો સૌને છાયા અને સથવારો આપવા અડીખમ ઉભા છે. હું ચલાયમાન નથી તો શું થયું? હું મારી આસપાસના અન્ય ચલાયમાન સજીવોને નિહાળી આનંદિત થાઉં છું.

મારી ડાળ પર પંખીઓનો બાળ બચ્ચાં સાથેનો માળો છે. જાણે પંખીનો મેળો છે. કલરવ છે. સર્વત્ર આનંદ કિલ્લોલ છે. પવન મારી ડાળને ઝુલાવે છે ત્યારે તેઓ પણ સાથે ઝુલે છે. મારી ઘટાની છાયામાં અનેક જીવો ઠંડક મેળવી આરામ કરે છે. ત્યારે મારા અસ્તિત્વનો ગર્વ અનુભવું છું.

ચોમાસાની ઋતુમાં વાદળીબેન આવે ત્યારે અમે સૌ ખૂબ જ ખુશ હતા. તેમની સાથે અમારે ખાસ મૈત્રી. ઠંડો પવન ફૂંકાતો અને વર્ષામાં અમે સ્વચ્છ થઈ ધરાઈને જલપાન કરતા. ખેતરો લહેરાઈ ઉઠતા, ચારે તરફ સુગંધ પથરાઈ જતી. તમરાં ગુંજી ઉઠતા. ચારે બાજુ ફક્ત આનંદ જ આનંદ. કોઈએ વાદળીને પૂછ્યું કે વાદળી રે વાદળી તારો વૈભવ કેવો? તો વાદળીએ કહ્યું કે ડાંગરના ખેતરોને જઈને પૂછી લો. વાદળીબેન પણ અમને જોઈને ખુશ થતા. આવો વૈભવ વાદળીબેનનો છે.

સૂરજદાદા સવારે આકાશમાં ઊગે એટલે કે સૂર્યોદય થતા સૌ સજીવસૃષ્ટિ જાગે. કુમળા તાપમાં અમે લહેરાઈ ખોરાક બનાવવાની તૈયારી કરીએ. પુષ્પ ખીલે, ભમરા ગુંજે, પતંગિયા અને પક્ષીઓ ઉડાઉડ કરી આનંદ કરતા.

મારા ફળો સૌ આનંદથી આરોગે છે. ક્યારેક બાળકો પથ્થર મારે ને તો મને અસહ્ય વેદના થાય છે.પણ એમને આનંદિત જોઈ હું અતિ પ્રસન્ન થાઉં છું.

પણ...આ મારા આનંદિત ઘરમાં એક મનુષ્યરૂપી પડછાયો આવ્યો અને જાણે સૌ લૂંટીને ચાલ્યો ગયો. મારું અસ્તિત્વ નાશવંત કર્યું. મારી ડાળીઓ કપાઈ ગઈ. પંખીના માળા પડી ગયા. પંખી દુ:ખી થઈ જતાં રહ્યા. બધું વેરાન થઈ ગયુ. હવે બહું સુનું સુનું લાગે છે. મારી છાયામાં લહેરાતું લીલુછમ ઘાસ નાશ પામવા માંડ્યું. પતંગિયા ઉડી ગયા.

અરે...કાલે વાદળીબેન દોડતા જતા હતા. મેં કહ્યું બહેન આટલી ઝડપથી કેમ જાઓ છો? થોડા અહીં રોકાવ. અમને શીતળતા અર્પો. વાદળીબેન ઉદાસ થઈને બોલ્યા. ભાઈ હું શું કરું? કેવી રીતે રોકાઉ? મને મદદરૂપ થતા પર્વત, વૃક્ષો મનુષ્યએ કાપી નાંખ્યા જ્યાંથી પાણી ભરતી હતી તે નદી સૂકવી નાંખી અને સમુદ્રને દૂષિત કર્યો. પવન હવે રોકાતો નથી અને મને પણ રોકાવા દેતો નથી. સૂકા ખેતરો ખાલી નદી... બધાની નજર મારા તરફ હોય છે જે જોઈને મને પણ અસહ્ય વેદના થાય છે પણ હું શું કરું?

આજે સૂરજદાદા ખૂબ જ તપ્યા જાણે કોઈની પર ગુસ્સે થયા હોય. મારા પાંદડા ચીમળાઈ ગયા. મેં દાદાને કહ્યું અમારા પર દયા કરો. દાદા ચિંતિત થઈ કહે હું શું કરું? આ મનુષ્યની પ્રવૃત્તિથી પ્રકૃતિ બદલાઈ છે. તેણે ઓઝોન સ્તર તોડ્યુ અને $CO_૨$ નો વધારો કર્યો એટલે મારો તાપ અસહ્ય લાગે છે. બધાને પાણી વગર અને વધુ તાપમાં વલખા મારતા જોઈને ખૂબ દુ:ખ થાય છે. પણ હું શું કરું? મેં કહ્યું ''કંઈ વાંધો નહિ દાદા:''

અરે હવે તો મને મારો ખોરાક બનાવવામાં પણ તકલીફ થાય છે. નથી પાણી કે જરૂરી વાયુઓ. શું કરું? મેં ધરતી માને કહ્યું મા પાણી આપોને. ધરતીમા દુ:ખ સાથે બોલ્યા બેટા મારી પાસે પાણી નથી હું ક્યાંથી આપુ? મારા શરીર પર પાણી વગર તડો પડી છે. અસહ્ય વેદના સહન કરું છુ.

અમારા જન્મ સમયે આજુબાજુ જંગલ હતુ. પરંતુ મનુષ્યએ કોંક્રિટના જંગલો બનાવતા હવે અમે થોડા જ રહી ગયા છીએ. એ પણ બગીચાના વૃક્ષો છે એમ કહેવડાવી રહેવા દીધા. પરંતુ કાપવાનું ભૂલતા નથી. મને મારા બાળકો કરતા મનુષ્ય અને તેના બાળ પરિવારની ચિંતા થાય છે. તેઓ અમારો નહિ તેમનો પોતાનો જ નાશ કરી રહ્યા છે.

હું શું કરી શકું?
કોને કહું મારી વેદના કે મારે કંઈક કહેવું છે.
પણ...કોને કહું?
શું તમે મનુષ્યો મને સાંભળશો?
મને મદદ કરશો?
શું મારો પરિવાર મને કોઈ પાછો આપશો?

આસીસટન્ટ પ્રોફેસર, બાવીસગામ બી.એડ.કોલેજ,
વલ્લભ વિદ્યાનગર, ૯૯૧૩૦૦૯૮૪૬

## ભારતીય માન્યતાઓ

નરેશ વેદ

કોઈપણ રાષ્ટ્રની પ્રજામાં વર્ષોના અનુભવ થકી કેટલીક માન્યતાઓ સ્વીકૃત અને પ્રચલિત થતી હોય છે. પ્રજાના નિરક્ષર આદિવાસીઓની કે પછાત લોકોની બાળીભોળી માન્યતાઓની આ વાત નથી. એવી પ્રજા તો અજ્ઞાનને કારણે કંઈ કેટલીય અવૈજ્ઞાનિક વાતોમાં રાચતી હોય છે; જેમ કે, શુકન-અપશુકન, ભૂતપ્રેત ડાકણશાકણ, દોરાધાગા, ડામતાવીજ, મેલીવિદ્યા વગેરે. અહીં આપણે જે માન્યતાઓની વાત કરવા માગીએ છીએ તે કંઈ કેટલાય વર્ષોનાં અનુભવ ચિંતન મનન અને વિમર્શન પછી પ્રબુદ્ધ લોકોએ સ્વીકારેલા અને અપનાવેલા પાયાના ખ્યાલોની વાત છે. ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ ઘણી પુરાણી છે. હજારો વર્ષના અનુભવો પછી, જે વાતનાં પ્રમાણો અને આધારો મળ્યા પછી જે જે બાબત આ પ્રજાને અફર અને અસરકર્તા લાગી છે, તેનો માન્યતાઓ (beliefs) તરીકે એણે સ્વીકાર કરેલો છે. આવી મુખ્ય મુખ્ય અને અગત્યની જે માન્યતાઓ ભારતીય પ્રજાના માનસમાં સ્થિર થઇ છે, તેનો પરિચય આપણે લઈએ.

સૌથી આગળ પડતી માન્યતા છે કે ઈશ્વર સત્ય છે. એ સર્વથા કતૃમ અને અન્યથા કતૃમ પણ છે. ઈશ્વર છે, એટલું જ નહીં, એ મનુષ્યજીવનમાં જે કંઈ બને છે તેનો કર્તા છે, એ ધારે તે કરી શકે છે. એ અનહોનીને હોની અને હોનીને અનહોની કરી શકે છે. વિધિના લેખ લખનારો પણ એ છે અને લોકક્ષય કરનારનો કાળ પણ એ છે. એ સત્યસ્વરૂપ છે, શિવસ્વરૂપ છે અને સુંદરસ્વરૂપ પણ છે. એ દયાવાન, ક્ષમાવાન અને કરુણાનિધાન છે.

આવી જ બીજી મહત્ત્વની માન્યતા છે સત્યનો સદા જય થાય છે, અસત્યનો નહિ, કારણ કે એ ત્રિકાળમાં સમાન જ હોય છે અને વળી એ નિત્ય સનાતન હોય છે. અસત્ય જૂઠ અને દંભના પાયા પર રહેલું હોય છે, એટલે એ અનિત્ય, પરિવર્તનશીલ અને વિકારી હોય છે. માટે એનો પરાજય થાય છે.

આવું સનાતન સત્ય એક જ છે, કેમકે એ ઈશ્વર છે, અને ઈશ્વર એક જ હોય. પરંતુ એનાં નામરૂપગુણ અને લીલા અનેક હોઈ શકે. તેથી જ લોકો એના વિશે જુદી જુદી રીતે વાત કરે છે.

આવા સત્યરૂપી ઈશ્વરને ઓળખાવે તે ધર્મ. ખરેખર તો આપણને જે ધારણ કરે તે ધર્મ. જે પ્રજા ધર્મને ધારણ કરે છે; ધર્મ તેનું ધારણ કરે છે.

આપણું આચરણ તે આપણો પ્રથમ ધર્મ છે અને અહિંસાપાલન તે આપણો પરમ ધર્મ છે. પરંતુ આ ધર્મનું તત્ત્વ હૃદયગુફામાં ગૂઢ અને ગુહ્યરૂપે રહેલું છે. તેથી ધર્મ શું છે એ આપણે જાણતા હોવા છતાં એનું આચરણ આપણે કરી શકતા નથી અને અધર્મ શું છે, એ જાણવા છતાં, અધર્મનું આચરણ કરતાં આપણી જાતને આપણે રોકી શકતા નથી. ખરી વાત એ છે કે ધર્મથી જય છે અને પાપથી ક્ષય છે.

સ્વધર્મનું પાલન કરતાં મરણ મેળવવું શ્રેયસ્કર છે. પરધર્મનું અનુસરણ કરવું ભયાવહ હોય છે.

આ વસુધા (પૃથિવી) પર વસનારા સૌ આપણા કુટુંબીઓ છે. અને વળી આ વસુંધરા (પૃથિવી) અનેક રત્નોથી ભરેલી છે. સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ અને જરાયુજ એમ બધી યોનિના જીવો આપણા કુટુંબીઓ છે. સૌને કાંઈને કાંઈ વિશેષ શક્તિ ઈશ્વરે આપેલી છે. પરંતુ બધા જીવોમાં મનુષ્યથી શ્રેષ્ઠતર બીજું કોઈ નથી.

વિદ્યાધન બધાં પ્રકારનાં ધનમાં મુખ્ય ધન છે. એટલું જ નહિ, વિદ્યાદાન કરતાં અન્ય કોઈ દાન વધારે સારું થયું નથી અને થશે નહીં, વિદ્યા એ છે જે માણસને એનાં તન, મન અને ધનની લોલુપતાઓ અને બંધનોમાંથી મુક્તિ અપાવે.

વિશ્વની બધી દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાવ એ, તથા મારા અંતરને વિકસિત અને આનંદિત કરો એ, મનુષ્યની મુખ્ય પ્રાર્થના છે. એવી જ એની બીજી પ્રાર્થના છેઃ ચાહે સુખ હોય યા દુઃખ, પ્રિય હોય યા અપ્રિય, જે મળી જાય તેને શાન સાથે, હૃદયથી બિલકુલ હાર્યા વિના, સોલ્લાસ ગ્રહણ કરો, હાર માનો નહિ, સમતાભાવ રાખો.

પોતાની કર્મભૂમિમાં જન્મ ધરીને જે મનુષ્ય પોતાનું જીવન સફળ અને સાર્થક કરવા પ્રયત્ન કરતો નથી, તે ભારે કમનસીબ છે. પરંતુ પોતાનાં કર્મ અને ધર્મને સમજીને પ્રેય (પ્રિય) ને બદલે શ્રેય (કલ્યાણ) માર્ગે જનારની ક્યારેય દુર્ગતિ થતી નથી.

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ જ મહેશ્વર છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે આવા ગુરુને શ્રદ્ધા, સેવા અને પરિપ્રશ્નોથી પ્રસન્ન કરી શકાય. જીવન એક સાધના છે. એમાં પ્રત્યેક મનુષ્યે વિદ્યાસાધના અને અધ્યાત્મજ્ઞાનસાધના

કરવી જોઈએ. વિદ્યાસાધના માટે વિદ્યાગુરુની અને અધ્યાત્મજ્ઞાન માટે અધ્યાત્મગુરુની આવશ્યકતા છે. ગુરુગમ વિના (નુગરા) ગમાર રહે છે અને સદ્‌ગુરુ જીવનસાફલ્ય અને સાર્થક્યની કૂંચી બતાવે છે.

શાંતિ પમાડે તેને સંત કહીએ અને મત ન હોય તેને મહંત કહીએ. હદમાં રમે સો માનવી, બેહદ રમે સો પીર, હદ-બેહદથી ન્યારા રહે, ઉનકા નામ ફકીર.

કીડીને કણ અને હાથીને મણ આપી દેનારો હજાર હાથવાળો બેઠો છે. એ ભૂખ્યા ઉઠાડે છે, પણ ભૂખ્યા સુવાડતો નથી. ભગવાનનો ક્રોધ પણ તેના વરદાન જેવો કલ્યાણકારી છે.

દયા ધર્મનું મૂળ છે અને ક્ષમા વીરનું ભૂષણ છે કર્મની ગતિ ન્યારી અને ગહન છે. હાથમાંથી કોઈ ઝૂંટવી શકશે, કરમમાંથી કોઈ ઝૂંટવી શકશે નહીં.

પશ્ચિમી દર્શન મુજબ માનવી પાપનું સંતાન છે, જ્યારે ભારતીય માન્યતા મુજબ મનુષ્ય અમૃતનું સંતાન છે. એ માને છે કે જિંદગી ટૂંકી છે. માટે જીવો અને જીવવા દો એ એનો મંત્ર છે, એ જાણે છે કે નમે તે સહુને ગમે, આપ ભલા તો જગ ભલા, જાતને સુધારવાથી જગત સુધરશે. જીવનમાં સુખી થવાનો માર્ગ એ જાણે છે. એ દૃઢ પણે માને છે કે કમાવવું નીતિથી, વાપરવું રીતિથી અને આપવું પ્રીતિથી. એનું સૂત્ર છેઃ સ્વમાં વસ, પરથી ખસ, આટલું બસ. પણ માનવીમાંથી માનવ થવું સહેલું નથી. માની કૂખેથી જન્મ લેવાથી માનવ નથી થઈ જવાતું. માનવીમાંથી માનવ બનવા માટે જીવનમાં વિદ્યાસાધના અને અધ્યાત્મસાધના કરવી પડે છે. માટે ભારતીય પ્રજાએ પોતાની સામે આદર્શો રાખ્યા છેઃ હું માનવી માનવ થાઉં તો ઘણું અને વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની.

પશ્ચિમની પ્રજા માફક ભારતીય પ્રજા સ્ત્રીને ભોગ્યારૂપે નહીં, પરંતુ મંત્રી, માતા, રંભા અને દાસીરૂપે સ્વીકારે છે. સ્ત્રી પતિની કેવળ સહચરી નથી, સહધર્મિણી પણ છે. પતિના કાર્યમાં મંત્રીરૂપે, પતિને જમાડતાં માતારૂપે, યૌનસંબંધમાં રંભા જેવી અપ્સરારૂપે અને પરિવારનાં કાર્યોમાં દાસીરૂપે કાર્ય કરે છે. ભારતીય પ્રજાએ નરનારીનાં જોડલાંની ઉરદોરી એક માની છે. તેથી જ પ્રેમને આ બંનેને જોડનાર કોઈ આંતરહેતુરૂપે ઓળખ્યો છે, જ્યારે કામભાવને વામ ગણ્યો છે.

ભારતીય પ્રજા પોતાને જનની, જન્મભૂમિ, લોકમાતા સરિતા અને ગૌમાતા એમ ચાર માતાઓનું સંતાન માને છે. જેની કૂખેથી પોતે જન્મે છે, જે માટીના કણમાંથી એ પોષણ મેળવે છે, જે સરિતાએ પકવેલા ધનધાન્યથી પોતે પોતાની ભૂખતરસ સંતોષી છે અને જેના દૂધ પીને પોતે ઉછર્યો છે, એ ચારેય માતાનું ઋણ એ સ્વીકારે છે. માતાને એ પોતાના આદર અને અર્ઘ્યની પ્રથમ અધિકારીણી માને છે. માતાઓની મમતા અને વત્સલતામાં, એનાં પ્રેમ, કરુણા અને ન્યોછાવરીમાં એને ઊંડો વિશ્વાસ છે. ભલે ભારતીય સમાજ પિતૃસત્તાક હોય પણ તત્ત્વતઃ એ માતૃપૂજક છે. અમૃતનિધાન માતા માટે એ ઓશિંગણ રહે છે. માની ગાળ પણ એને ઘીની નાળ સમી ભાસે છે.

આપણી ભાષામાં ચલણી બનેલી કહેવતો પણ આવી માન્યતાઓની નિદર્શક છે. આવી કહેવતો તો અસંખ્ય છે, પણ આપણે એમાંથી થોડીક, જે ભારતીય માન્યતાની દ્યોતક છે, તે અહીં નોંધીએઃ

પારકી આશ, સદા નિરાશ.
આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.
હું ત્યાં હરિ નહીં.
ધાર્યું ધણીનું થાય.
સંપ ત્યાં જંપ
લખ્યા લેખ મીટે નહીં
ધીરજનાં ફળ મીઠાં
રામ રાખે તેને કોણ ચાખે?
સંતને તંત નહીં ને સાધુને સ્વાદ નહીં.
વિનાશકાળે વિપરીત બુદ્ધિ
હિંમતે મર્દા તો મદદે ખુદા
સંગ તેવો રંગ
વાવે તેવું લણે
લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય.
મન હોય તો માળવે જવાય
ભણતા પંડિત નીપજે, લખતા લહિયો થાય.
પાંચેય આંગળીઓ સરખી ન હોય.
પંચ બોલે તે પરમેશ્વર.
ધરતીનો છેડો ઘર.
દુઃખનું ઓસડ દહાડા.
ત્રેવડ ત્રીજો ભાઈ.
જર, જમીન ને જોરુ : એ ત્રણ કજિયાના છોરું.
ટાણે થાય તે નાણે ન થાય.
તૂટી એની બૂટી નહીં.
ફરે તે ચરે.

ન બોલ્યામાં નવ ગુણ.
બોલે તેના બોર વેંચાય.

આ માન્યતાઓ જોતાં ખ્યાલમાં આવે છે કે ભારતીય પ્રજાએ જીવનને ધીરતાથી અને સમગ્રતામાં જોયું છે. જીવાતા જીવનમાં થયેલા અનુભવોને આધારે શાણપણપૂર્વક પોતાની માન્યતાઓ બાંધી છે. આ માન્યતાઓ પાછળ અનુભવનું બળ છે અને એ એની પ્રજ્ઞાનું ફળ છે. ભારતીય પ્રજાની પરિપક્વતા અને સમજદારીનો આ માન્યતાઓ પરિચય કરાવે છે.

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

॥ વિદ્યાવૃત્ત ॥

## ઇપ્કોવાલા સંતરામ કોલેજમાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ ચિત્ર સ્પર્ધા, વ્યાખ્યાન, અને નૃત્ય નાટિકા

પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક વિભાગ, ઉદયપુર અને ઇપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ, વલ્લભ વિદ્યાનગર ના સંયુક્ત ઉપક્રમે સંસ્થામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી ના ભાગરૂપે ત્રણ દિવસીય ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ તાઃ ૧૯ જુલાઈ થી ૨૧ જુલાઈ ૨૦૧૯ દરમ્યાન યોજાયો. આ કાર્યક્રમમાં ચારુતર વિદ્યામંડળ ના માનદ મંત્રીશ્રી એસ.જી. પટેલ સાહેબ, વરિષ્ઠ પત્રકાર અને સંપાદક શ્રી જશવંત રાવલ, સુપ્રસિદ્ધ કવિ, સાહિત્યકાર, નાટયકાર, નિર્દેશક ડૉ. જયેન્દ્ર શેખડીવાલા, ડૉ. નુસરત કાદરી અધ્યક્ષ ગાંધીયન ચેર, સરદાર પટેલ યુનિવર્સિટી, અને પશ્ચિમ વિભાગ સાંસ્કૃતિક કેન્દ્ર રાજસ્થાનના શ્રી પ્રવીણભાઈ ભટનાગર, ભુતપૂર્વ આચાર્ય શ્રી અજિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. ફાઇન આર્ટ્સ કોલેજના નિયામક શ્રી કનુભાઈ પટેલે સર્વે ઉપસ્થિત મહેમાનોનો શાબ્દિક પરિચય આપી તેઓનું સ્વાગત સન્માન કર્યું. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. અને સર્વે મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. આ ઉજવણીના પ્રથમ ચરણમાં વરિષ્ઠ પત્રકાર અને સંપાદક શ્રી જશવંત રાવલ દ્વારા મહાત્મા ગાંધીજીના જીવન પ્રસંગો અને તેઓના માનીતા ચિત્રકાર શ્રી નંદલાલ બોઝ જેમણે ગાંધીજીને સાચા હૃદયથી કેનવાસ પર ઉતાર્યા ની વાસ્તવિક રજૂઆત દર્શાવી. એમનું વક્તવ્ય તમામ શ્રોતાગણને ઉત્કંઠિત કરી રહ્યું હતું. ડૉ.નુસરત કાદરી કે જેઓ કોચરબ આશ્રમમાં રહી ગાંધીજીના સાદગીભર્યા જીવન મૂલ્યોની સાર્થકતા બતાવી. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી શ્રી એસ જી પટેલ સાહેબે સંસ્થાની ત્રિદિવસીય પ્રવૃતિઓને બિરદાવી અને આશીર્વચન આપ્યા. સંસ્થાના આચાર્ય ભાવનાબેન પટેલ દ્વારા અભાર વિધિ કરવામાં આવી.

ઉજવણીના બીજા ચરણમાં તાઃ ૨૦ જુલાઈ ૨૦૧૯ ના રોજ શ્રી દિનકર જોશી રચિત ચક્ર થી ચરખા સુધી નવલકથા પર આધારિત શ્રીમતી સુપ્રવા મિશ્ર દ્વારા નિર્દેશિત મોહન થી મોહન સુધી નૃત્ય નાટિકા નાટ્ય કલાકારો દ્વારા ખૂબ જ રસપ્રદ શૈલીમાં ભજવવામાં આવી. જે સૌ દર્શકોએ મંત્ર મુગ્ધ થઈને માણી.

કાર્યક્રમના ત્રીજા અને અંતિમ ચરણમાં તાઃ ૨૧ જુલાઈ ૨૦૧૯ ના રોજ શીઘ્ર પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને ગાંધીજી ઉપર ખૂબ જ સુંદર ચિત્રો દોર્યા. આ દિવસના વ્યાખ્યાતા સુપ્રસિદ્ધ કવિ, સાહિત્યકાર, નાટયકાર અને નિર્દેશક ડૉ. જયેન્દ્રભાઈ શેખડીવાળા એ ગાંધી જીવન પર વક્તવ્ય આપ્યું. અને સૌ કલાકાર ભાઈ બહેનો અને આમંત્રિત શ્રોતાગણને તેમની દિવ્યતાના ઓજસથી પ્રભાવિત કર્યા. આમ આ ત્રિદિવસીય સમારોહનું રંગેચંગે રાષ્ટ્રગીતના ગાન સાથે સમાપન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન નિયામક શ્રી કનુભાઈ પટેલ, કાર્યક્રમના સંયોજક શ્રી કિશોરભાઈ નરખડીવાળા તથા તમામ સ્ટાફ મિત્રોએ ભારે જહેમતથી કર્યું.

## મણકોઃ ૩-'માનવતાની મ્હેંક'

**શીલા વ્યાસ**

એક દિવસ જિલ્લા શિક્ષણાધિકારીની ઓફિસે આયોજિત મિટીંગમાંથી અમે પરત ફરતા હતા. શહેરના મુખ્ય રાજમાર્ગ પરથી પસાર થતા, ગાંધી ચોક તરફ આવતા વચ્ચે સ્લમ એરિયા-ઝૂંપડપટ્ટીનો વિસ્તાર આવે, ત્યાં લોકો જમા થયેલા. માનવસહજ સ્વભાવે મેં પણ સ્કૂટરને બ્રેક મારી, થોડા કુતૂહલ ભાવથી જોવા ટોળા વચ્ચે ઘૂસીને ડોકિયું કર્યું. ત્યાં તો વિચિત્ર દૃશ્ય નજરે પડ્યું.

જાણે રિંગ માસ્ટર કોઈ સરકસના મેદાનમાં ચાબૂક વિંઝતા પશુ-પ્રાણી પર હુકમ ચલાવતો હોય એમ એક પુરુષ આશરે તેર-ચૌદ વર્ષની છોકરીને પટ્ટાથી ફટકારતો હતો. તેના વાળ ખેંચી ઢસડતો, ક્યારેક પીઠે-પેટે લાતો મારતો હતો. એનાં મોમાંથી સતત અભદ્ર સરસ્વતી વહેતી હતી. 'તમાશાને તેડું નહીં' એ ન્યાયે એકત્રિત ટોળું આ કરુણ દૃશ્યની મજા માણતું, અવાચક, બેફિકરાઈથી ઊભેલું.

મારા સંવેદનશીલ તંત્રને આવું વરવું દૃશ્ય જરાય રુચ્યું નહિ. સટ્ટાક-સટ્ટાકના ફટકા અને સા....લી થી શરૂ થતા અપશબ્દોના વરસાદે મને માથેથી પગ સુધી ભીંજવ્યો, ને મારો માંહ્યલો ખળભળી ઊઠ્યો. આ શું? આટલી બધી યાતના? છડે ચોક, નિર્દોષ દીકરી પર આવા અત્યાચાર? આ બધા નામર્દો તેની મજા લૂંટે? શા માટે?

તરત જ બેચાર જણને ખસેડતા હું વચ્ચે જ કૂદી પડ્યો. બાલિકાનો હાથ પકડી, ખસેડી દૂર કરી, ત્યાં તો એકાદ-બે ફટકા મારા હાથ પર પણ પડ્યા. પછી મેં એ રાક્ષસ પાસેથી એક જ ઝાટકે બેલ્ટ છીનવી લીધો. ને ત્રાડ પાડી, ''અલ્યા શું છે તારે? કોણ છે? કેમ આ છોડીને મારે છે?'' પરંતુ જવાબમાં મને મસ મો...ટી... મળી. જેને હું બંધ આંખે ગળી ગયો. એક ઊંડો શ્વાસ ખેંચી હિંમત કરીને બોલ્યો, ''તું એનો બાપ છે ને? તો સાંભળી લે, હું તારોય બાપ છું.'' કહીને અભણ-ગમાર સામે મારું શિક્ષક તરીકેનું ઓળખપત્ર ધર્યું. એ ક્યાં વાંચવાનો હતો કે સ્પષ્ટતા માંગવાનો હતો? પછી સૌના દેખતા મહિલા અભયમ્ હેલ્પલાઈન નં.૧૮૧ પર ફોન કર્યો. ત્યાં તો બે-ચાર જણા મારી સાથે દુશ્મનાવટ હોય એમ ઝપાઝપી કરવા લાગ્યા. મેં હાથ ઊંચો કરીને ખૂબ જ ધીરજ ધરતા કહ્યું, ''જુઓ, ભાઈઓ, આપણે એક-બીજાની શી ઓળખાણ? મેં તમારું કાંઈ બગાડ્યું નથી કે તમને કોઈ નુકસાન કરવાય માંગતો નથી. મને તો આ દીકરીની દયનીય હાલત જોઇને કરુણા વ્યાપી. એની મદદે આવ્યો છું. આ કામ આપણા સૌનું છે. અનાથ કે અબળાની રક્ષા કરવી એ સમાજના પુરુષોની ફરજ છે. આમ ફજેતી જોવા મૂંગા મોઢે ઊભા રહીએ એ તે કાંઈ સારું લાગે? ચાલો સૌ પોત-પોતાના કામે ઉપડો. જેને સહકાર આપવાની ઈચ્છા હોય તે આવી જાય.''

એટલામાં ગરીબડી, ચીંથરેહાલ વૃદ્ધા ફાંફા મારતી, તરડાતે અવાજે વિલાપ કરતી આવી કે તરત છોકરી મેં તેને સોંપી દીધી. દાદી-દીકરી એક-મેકને ભેટીને ત્યાં જ બેસી પડ્યા. એના આક્રંદની સાક્ષીએ મારી આંખોના ખૂણા ભીના કર્યા. મેં ત્યાંથી મોં ફેરવી, હાથ જોડી મેદનીને વિદાય થવા વિનવ્યા. એમ ધીરે ધીરે ટોળું વિખરાયું.....

ધૂંઆ-પૂંઆં થતો નરપિશાચ મને દબોચવા ઝડપથી ધસ્યો, પણ હું બે ડગલા બાજુ ખસ્યો, એ ફેલાયેલી રેતમાં લપસી પડ્યો. મેં હિંમત રાખી, નજીક જઈ એનો એક-હાથ પકડી બેઠો કર્યો ત્યારે એ જરા ઠર્યો. પછી આખી દુર્ઘટનાનો તાળો મેળવ્યો કે, બે વરસ પહેલા દીકરીની મા મૃત્યુ પામેલી, તેનાથી નાના બે રઝળતા ભાઈ, બાપ દારુડિયો ને બીમાર-અંધ દાદી, આવા વિકટ સંજોગોમાં આ છોકરી પારકા કામ કરી નાની ઉંમરે ઘર સંભાળે, સૌને બે ટંક રોટલા પૂરા પાડે. તોય ઉપરથી બાપનો અસહ્ય ત્રાસ વેઠે. આ સઘળી હકીકત જાણી મેં છોકરીને સાંત્વના આપી. એ ધ્રુજતે ડિલે, બિહામણે ચહેરે મને તાકતી, બે હાથ જોડી આભારવશ થતી, દાદીના ટેકે ઝૂંપડી તરફ ઢસડાતી ગઈ....

એટલામાં સાયરન ગજવતી ૧૮૧ અભયમ્ સેવાના અધિકારી-બહેનો આવી પહોંચ્યા. તેઓને ટૂંકમાં બીનાની ગંભીરતા સમજાવતી બને તેટલી વ્હેલી સુરક્ષા-સહાય મળે તેવી જોગવાઈ કરવા વિનંતી કરી. સાથે સાથે મારી ગમે ત્યારે જરૂરત પડે મદદ કરવાની તૈયારી બતાવી. મામલો થાળે પડ્યો. સ્કૂટરને કીક મારીને સવાર થયો ત્યાં મનમાં 'બેટી, બચાવો, બેટી પઢાવો' સૂત્રએ 'કીક' મારી. એમાં જરૂરી સુધારો કરવાનું સૂઝ્યું, 'બેટી બચાવો અને તેના વાલીઓને પઢાઓ.' માતા-પિતાએ પોતાના સંતાનોના પોષણ-ઉછેર-વિકાસ માટે સાચા પાઠ ભણવાની જરૂર છે. હજુય પછાત રહી ગયેલા સમાજને આવી સમજ ક્યારે આવશે? આ મૂંઝવતા પ્રશ્ને, હું માથું ખંજવાળતો ઘર ભણી રવાના થયો....

-આર્ટસ-કોમર્સ કોલેજ, બોરસદ, જી. આણંદ

## સંગઠન ભાવનાનું નિર્માણ કરો, સફળતા હશે તમારા ચરણોમાં

**બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ**

વિશ્વનો સફળ ઉદ્યોગપતિ હેન્રીફોર્ડ પોતાના જીવનની સફળતાનું શ્રેય સંગઠન ભાવના (Team Spirit) ને આપે છે અને કહે છે કે ''ભેગા થવું એ સફળતા તરફ આગળ વધવાની શરૂઆત છે, ભેગા રહેવું એ વિકાસ છે અને ભેગા થઈ કામ કરવું એ સફળતા છે.'' કોઈપણ સંસ્થા, સંગઠન કે સંઘની ઉપલબ્ધિઓ તેના દરેક કર્મચારીના સંયુક્ત તેમજ સંગઠિત રૂપમાં કરેલા પ્રયાસનું પરિણામ છે. કોઈ એમ માને કે મારે લીધે સંસ્થા ચાલે છે તો તે એક ભ્રમણા છે. કોઈપણ સંસ્થામાં દરેક વ્યક્તિ સાંકળની કડી સમાન છે. સાંકળની એક કડી જો કમજોર હશે તો સાંકળ ક્યારે પણ તૂટી જશે.

### સંગઠન એટલે શું?

સંગઠન એટલે સાથે મળીને કશુંક કરતા લોકો. દા.ત. ક્રિકેટ ટીમ,કન્સ્ટ્રકશન ટીમ, પરિવાર, ઉદ્યોગ, વગેરે.

### ટીમ સ્પીરીટ એટલે શું?

એક સાર્વજનિક લક્ષ્ય સિદ્ધિ માટે બધાની એકજૂટ થઈ કામ કરવાની ભાવના એટલે ટીમ સ્પીરીટ.

### ટીમ વર્ક એટલે શું?

દરેક વ્યક્તિના પ્રયાસ તેમજ પ્રાપ્તિને સંગઠનના ધ્યેય તરફ વાળવામાં આવે તે છે ટીમ વર્ક.

### ટીમ બિલ્ડીંગ એટલે શું?

સંગઠિત રૂપમાં ભેગા થયેલા લોકોને તેમના લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સક્ષમ બનાવવાની પ્રક્રિયા એટલે સંગઠન નિર્માણ-ટીમ બિલ્ડીંગ. સફળતાની પ્રાપ્તિ માટે સંગઠન ભાવનાનું નિર્માણ કરવું અત્યંત જરૂરી છે. આ અંગે આપણે ત્યાં ઘણું બધું કહેવાયું છે. સહયોગથી થશે સર્વોદય; એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના સાથી હાથ બઢાના, સંપ ત્યાં જંપ; અનેકતામાં એકતા.

### ટીમ બિલ્ડીંગ માટેના સોનેરી સિદ્ધાંતોઃ-

» અવાર-નવાર બધા સાથે મળો, લક્ષ્યને સેટ કરો, લક્ષ સિદ્ધિ માટે સામૂહિક પ્રયાસોનો એક્શન પ્લાન તૈયાર કરો અને આગળ વધો.

» સંગઠનમાં બધાનું સશક્તિકરણ, જ્ઞાનવર્ધન અને ઉત્તરોતર વિકાસ એ સંગઠનની કાર્યદક્ષતા તેમજ કાર્યક્ષમતામાં સતત વધારો કરશે અને વધુ સિદ્ધિ અપાવશે.

» સંગઠનમાં દરેક વ્યક્તિમાં, ભલે તે લીડર ન પણ હોય, લીડરના ગુણ હોવા સંગઠનની સફળતા માટે આવશ્યક છે. જે બધાને સાંભળે છે, બધામાં ઉમંગ ઉત્સાહ ભરે છે. સમર્પણની ભાવના રાખે છે, બીજાના કામની કદર કરે છે, બીજાનું સન્માન જાળવે છે.અને લોકોની સદ્‌ભાવના મેળવે છે, કોઈ પણ ઉપલબ્ધિ ને સંગઠનની ઉપલબ્ધિ માને છે તે જ સાચો લીડર છે.

» સંગઠનનો લીડર દીર્ઘદ્રષ્ટિવાળો હોવો જોઈએ. સકારાત્મક તેમજ રચનાત્મક નેતૃત્વ પૂરું પાડી સંગઠનને મજબૂત કરી શકે એવો હોવો જોઈએ.

» બધા સાથે સંપર્ક તેમજ સંચાર બનાવી રાખીને પરિસ્થિતિને સંભાળે અને કાર્યદક્ષ અસરકારક પ્રબંધન પૂરું પાડે, અસરકારક કોમ્યુનિકેશન માટે સંગઠનના દરેક સદસ્યની કોમ્યુનિકેશન સ્કીલનો વિકાસ કરવા તાલીમ શિબિરોનું આયોજન કરે અને આધુનિક કોમ્યુનિકેશન પદ્ધતિઓનો ઉપયોગ કરે.

» જે કામ કરે છે તેની ભૂલ થવાની સંભાવના છે એટલે ભૂલ થઇ જાય તો ગભરાશો નહિ, નિરાશ ના થશો, પરંતુ કરેલી ભૂલમાંથી શીખ લો. તે ભૂલ ફરીથી ન થાય તેના માટે સતર્ક રહો, જો ભૂલ થઈ હોય તો સંગઠનની માફી માંગી લેશો તો તમારી વિશ્વસનિયતા જળવાઈ રહેશે.

» સંગઠનની મજબૂતી તેમજ વિકાસ માટે દરેકે રચનાત્મક (creative), સક્રિયાત્મક (Proactive), તેમજ અભિનવ (Innovative) બનવાની જરૂર છે.

» સંગઠનના દરેક સદસ્યે એકબીજાને પ્રોત્સાહિત કરતા રહેવું જોઈએ તેમજ સંગઠનની એકતા જાળવી રાખવી જોઈએ.

» દરેકના કામની કદર કરો. કોઈ દ્વારા થયેલી ભૂલને ધ્યાન પર લાવવી હોય તો પ્રથમ તેની બે વિશેષતાઓની કે કામની કદર કરો અને ત્યારબાદ

તેની ભૂલ તરફ પ્રેમથી ધ્યાન દોરો. ભૂલ સુધારવા આપના સાથની બાંહેધરી આપી તેને ભૂલ સુધારવા પ્રોત્સાહિત કરો. જો કોઈની ભૂલને ધ્યાન પર લાવવા માંગતા હો તો તરત જ ધ્યાન પર લાવો, મોડું કરશો નહિ (Delay is dangerous). ભૂલ બતાવતી વખતે સ્પષ્ટ અને ચોક્કસ રહો. સાચી વ્યક્તિની લાગણી દુભાય નહિ તે રીતે ભૂલને ધ્યાન પર લાવો, ત્યાર બાદ શાંત રહો, કોઈ પ્રતિક્રિયા ન આપો.

» તમારા કાર્ય પ્રતિ તેમજ સંગઠન પ્રતિ પ્રામાણિક તેમજ પ્રતિબદ્ધ (Committed) રહો. નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સંગઠન નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે.

» સંગઠનમાં એવી ભાવના ઊભી કરો, જેથી સંગઠનનો દરેક સદસ્ય એવું ઈચ્છે તેમજ એવો પ્રયાસ કરે કે આખી ટીમનો વિજય થાય. ટીમના વિજયમાંજ મારો વિજય સમાયેલો છે. વ્યક્તિગત વિજયની લાલસા સંગઠન ભાવનાને તોડી નાંખશે.

» ટીમ જાળવી રાખવી હોય તો પી.એચ.ડી. (Pull Him Down) ની ભાવનાથી દૂર રહો. કોઈના ટાંટિયા ખેંચવાનો પ્રયાસ સંગઠનને કમજોર કરી દેશે. કોઈને પણ નીચા દેખાડવાના પ્રયાસથી દૂર રહો.

» સંગઠનની ભાવના અને એકતા સુસંવાદિતા (Harmony) નું સંગીત છે, હંમેશાં ખુશ રહો, સંતુષ્ટ રહો અને હસતા રહો.

નડીયાદ,(મો) ૦૯૮૨૫૮૯૨૭૧૦

॥ વિદ્યાવૃત્ત ॥

## શાળાના સ્થાપનાદિનની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ. પટેલ ટેક્નીકલ હાઈસ્કૂલના ૫૭માં સ્થાપનાદિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી. જેમાં કાર્યક્રમના અધ્યક્ષશ્રીના સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્મંત્રીશ્રી ડૉ. એસ.જી.પટેલ, મુખ્ય મહેમાનશ્રી સ્થાને દાતા પરિવારના પ્રતિનિધિ તરીકે શ્રીમતી કલાબેન પટેલ, મુખ્ય વક્તા તરીકે ડાકોર-ભવન્સ કૉલેજના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાયી, અતિથિ વિશેષના સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રીશ્રી ખોડાભાઈ પટેલ, ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ, બી.એડના તાલીમાર્થી ભાઈ-બહેનો તેમજ શાળાપરિવારના સભ્યો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત બી.એડ.ની તાલીમાર્થી બહેનો દ્વારા પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી શંકરભાઈ પારગીએ મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપતા શાબ્દીક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત સર્વનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શિક્ષકશ્રી ડાહ્યાભાઈ ચૌધરીએ શાળાની શૈક્ષણિક-સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની સિદ્ધિઓ જણાવતાં શાળાનો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો. ધો.૧૦Aના વિદ્યાર્થી મૌલિક ખાટે સ્થાપના દિન સંદર્ભે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. શિક્ષિકા શ્રીમતી મિત્તલબેન ગજ્જરે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં શાળા આમ જ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહેશે તેની ખાતરી આપી હતી. ત્યાર બાદ ધોરણ-૧૦માં શાળા કક્ષાએ પ્રથમ પાંચ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને મંચસ્થ મહેમાનોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દાતા પરિવારના પ્રતિનિધિરૂપ પધારેલ શ્રીમતી કલાબેને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રીખોડાભાઈ પટેલે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને સાથે રાખી શાળા જવલંત સિદ્ધિઓને પુનઃપ્રાપ્ત કરે તેવી અતઃકરણથી પ્રાર્થના કરી હતી. મુખ્ય વક્તા શ્રી મહેન્દ્રભાઈ નાયીએ પોતાની આગવી શૈલીમાં પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કરતાં અનેક દૃષ્ટાંતો સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પ્રાચીન શિક્ષણ પ્રથા તેમજ પ્રાચીન સાહિત્યથી માહિતગાર થઈ શાળાની ઉત્તરોત્તર પ્રગતિમાં યોગદાન આપે તેવી અભ્યર્થના વ્યક્ત કરી શાળાના સ્થાપના દિનની શુભેચ્છા પાઠવી હતી કાર્યક્રમના અધ્યક્ષશ્રી એસ. જી. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા સર્વને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના અંતે સુપરવાઈઝરશ્રી ગુણવંતભાઈએ આભાર વિધિ કરી હતી. દાતાશ્રીને સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી સમ્માનિત કરાયા હતા.

## ગાંધીજીનું શિક્ષણ દર્શન : સંબંધનું વિજ્ઞાન

**(૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ખાસ લેખ)**

**મનસુખ સલ્લા**

જીવનસાધક વિમલા તાઈએ કહ્યું છે કે 'જીવન સંબંધોમાં છે.' સંબંધો પ્રેમના હોય કે ધિક્કારના હોય, સ્વાર્થના હોય કે સર્વાર્થના હોય, અંતરંગ હોય કે ઉપરછલ્લા હોય, સમજપૂર્વકના હોય કે મુગ્ધ લાગણીઓના હોય, નિસ્બત-પૂર્વકના હોય કે ઉપેક્ષાના હોય-જેવું એનું સ્વરૂપ હોય તેવું એનું પરિણામ આવે છે. પરિણામમાંથી છટકી શકાતું નથી. એટલે પરિવારમાં અને શિક્ષણરચનામાં આ વિશે વધુમાં વધુ સ્પષ્ટતા અનિવાર્ય છે.

ગાંધીજીએ સંબંધનું વિજ્ઞાન સમૂળગું બદલી નાખ્યું. તેમને ધિક્કારનારાને તેમણે પ્રેમથી જોયા. તેમના વિચારનો વિરોધ કરનારને પણ 'એક દિવસ સમજશે' એમ માનીને શ્રદ્ધા જાળવી. તેમને છેતરનારને પણ તેનું શુભ જાગશે એમ માનીને વિશ્વાસ રાખ્યો. અરે, તેમના મૃત્યુ માટે પ્રયત્ન કરનારને પણ ''તેઓ ખોટી માન્યતા અને અપૂર્ણ(અસત્ય) વિચારથી ઘેરાયેલા છે'' એમ માની ઈશ્વર શ્રદ્ધાથી તેમને જોયા. નથુરામ ગોડસેએ ગાંધીજીની હત્યાનો પ્રયત્ન (૧૯૪૪) કર્યો. પકડાયો, જેલમાંથી છૂટ્યો ત્યારે ગાંધીજીએ તેને કહેવડાવ્યું કે, 'એક અઠવાડિયું મારી સાથે રહો, મને સમજો, મારા વિચારોને અને શ્રદ્ધાને સમજો.' ગોડસેએ એ નિમંત્રણ સ્વીકાર્યું હોત તો કદાચ પછી ગાંધીજી ઉપર ગોળી લગભગ ન ચલાવી શક્યો હોત. ગાંધીજીને સાચી રીતે સમજી શક્યો હોત.

પૂર્વેના મહાપુરુષો (ખાસ કરીને ભગવાન બુદ્ધ અને ઈશુ ખ્રિસ્ત) પાસેથી અને પોતાના જીવનના સત્ય અને શુભના પ્રયોગોથી ગાંધીજીએ સંબંધોનું નવું વિજ્ઞાન સર્જ્યું હતું. ઈશુ ખ્રિસ્તે કહ્યું હતું કે, 'તમારા દુશ્મનને પણ ચાહો', એ ગાંધીજીએ આચરી બતાવ્યું. મીર આલમ, દક્ષિણ આફ્રિકાનું અંગ્રેજ ટોળું, ગોડસે, ઝીણા મુત્સદ્દી અંગ્રેજ હાકેમો અને અધિકારીઓ સાથે ગાંધીજીએ એ જીવી બતાવ્યું.

આ ખોજ તેમના જીવનમાં ઘણી વહેલેરી શરૂ થઈ હતી. અને એટલે જ શિક્ષણ કેવું હોવું જોઈએ તેની શોધ અને સ્પષ્ટતામાં તેમણે લગભગ ચાલીસ(૧૮૯૭ થી ૧૯૩૭)વર્ષ ગાળ્યાં હતાં. તેમની વિચારણાના કેન્દ્રમાં માણસ છે. માણસ બદલાય, સ્વ-રાજ કરતો થાય તો બાકીનું બધું બદલાય એ તેમની શ્રદ્ધા હતી.

ગાંધીજીએ શિક્ષણમાં તત્ત્વ, કાર્યક્રમ અને રચનારૂપે જે કહ્યું છે તેની પાછળ સંબંધોની વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. એના પ્રયોગો અને અનુભવો દક્ષિણ આફ્રિકામાં અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં કરેલા છે. એટલે કે ગાંધીજીનું શિક્ષણ-દર્શન માત્ર પુસ્તકોમાંથી નથી ઘડાયું, જાત પર અને નિકટના પર તેમણે કરેલા પ્રયોગોમાંથી અને વ્યાપક જીવનદર્શનમાંથી ઘડાયું છે. એ વિશે એમને અપાર શ્રદ્ધા અને પ્રતીતિ હતી. એટલે ૧૯૩૭માં તેમણે વર્ધામાં દેશના મુખ્ય કેળવણી ચિંતકો સામે જે દર્શન રજૂ કર્યું તેને સંબંધોનું વિજ્ઞાન ગણી શકાય. મનુષ્યજીવનમાં આવા સંબંધો ત્રણ પ્રકારના હોય છે. સ્વ સાથેનો સંબંધ, સમાજ સાથેનો સંબંધ, પ્રકૃતિ (સમષ્ટિ) સાથેનો સંબંધ. આ ત્રણે પ્રકારના સંબંધોમાં અહિંસા, પ્રેમ અને સાધનશુદ્ધિ એ જાણે કે કસોટીના પથ્થર છે. આપણે તેને વિગતે સમજીએ:

### ૧. મનુષ્યનો સ્વ સાથે સંબંધ:

વ્યક્તિનો સ્વ સાથેનો સંબંધ બદલાય તો જ એ કેળવણી ખપની ગણાય; ઈષ્ટ અને આવકાર્ય ગણાય. સ્વ સાથેનો સંબંધ એટલે સંબંધમાં કઈ પ્રેરણાથી વ્યવહાર કરીએ છીએ તેની સ્પષ્ટતા અને શ્રદ્ધા. હિંસા, શોષણ, છેતરપીંડી અને સ્વસુખમાં બંધાયેલ વ્યક્તિ હિંસક, શોષક, અશુદ્ધ સાધનોને સ્વીકારનારી અને અહંકારથી ઘેરાયેલી હોવાની કે થવાની.

આ સંબંધ બદલવાનું વિજ્ઞાન એટલે ખરી કેળવણી. અમુક હજાર વ્યક્તિઓને નોકરી મળી જાય એ દૃષ્ટિબિંદુથી આજે શિક્ષણ રચનાને જોવામાં આવે છે. એટલે ગોખણપટ્ટી, જિજ્ઞાસાનો અભાવ, વ્યક્તિ, વસ્તુ કે ઘટનાને તપાસવા- મૂલવવાનો અભાવ અને એને પરિણામે સ્વકેન્દ્રી માણસનું નિર્માણ થવું એ પરિણામ આજના ભારતમાં ચોતરફ દેખાય છે.

ગાંધીજીએ સંબંધોનું સ્વરૂપ બદલવાનું સૂચવ્યું છે. વ્યક્તિનો જાત સાથેનો સંબંધ બદલાય એ કેળવણીનું પ્રથમ લક્ષ્ય હોવું જોઈએ. તો સોક્રેટીસે કહ્યું છે તેમ, 'આત્મનિરીક્ષણ વિનાનું જીવન વ્યર્થ છે' એ સમજાય. મનુષ્ય અન્ય પ્રત્યે ખુલ્લો અને પારદર્શક ત્યારે જ બને જ્યારે સ્વ પ્રત્યે ખુલ્લો અને પારદર્શક હોય. એ માટે આત્મનિરીક્ષણ પ્રથમ પગલું છે.જો વિદ્યાર્થી આત્મ નિરીક્ષણ કરતો થાય તો તેનો સ્વ સાથેનો સંબંધ બદલાય. નારાયણ દેસાઈએ ગાંધીજીના વ્યક્તિત્વ વિકાસનાં ત્રણ સોપાન ગણાવ્યાં છેઃ (૧) આત્મનિરીક્ષણ (૨) આત્મપરીક્ષણ અને (૩) આત્મશુદ્ધિ.

આત્મનિરીક્ષણ પછી આત્મપરીક્ષણ આવવું જોઈએ. જાતને નિર્મમ રીતે તપાસવી, પોતાની નાની સરખી અશુદ્ધિ કે મર્યાદાને પારખવી એ જરૂરી પ્રક્રિયા છે. ગાંધીજીની પહેલાંના સમયમાં આ સઘળું સાધુ અને સંતો માટેનો વિષય ગણાતો હતો. ગાંધીજીએ એને વ્યવહાર જીવનનો (મનુષ્ય માત્ર માટેનો) વિષય ગણ્યો. પ્રત્યેક મનુષ્ય માટેની નિસ્બત ગણી. એટલે એને શિક્ષણનો ભાગ ગણ્યો.

આત્મપરીક્ષણ પછીનું પગલું છે આત્મશુદ્ધિનું. વ્યક્તિ જાણે પરંતુ એને આચરણમાં ન મૂકે તો એ અધૂરી કેળવણી છે, એમ ગાંધીજી માનતા હતા. પોતાની અશુદ્ધિઓને પારખ્યા પછી એને શુદ્ધ કરવા માટે સ્પષ્ટતા અને સંકલ્પશક્તિ કેળવવાનાં છે એટલે ગાંધીજીએ અગિયાર મહાવ્રતોનું નમ્રતાથી પાલન કરવાનું કહ્યું હતું. આ વ્રતો સૂચવે છે કે વ્યક્તિએ સ્વ સાથે કેવો સંબંધ રાખવાનો છે. દેહમાં જ બંધાઈ ન રહેવું પણ દેહથી ઉપર ઊઠવું, સ્વમાં બદ્ધ ન રહેવું પણ સર્વ સુધી વિસ્તરવું એની પસંદગી શીખવે એ ખરી કેળવણી છે. ગાંધીજીએ એને નઈતાલીમ ગણાવી. કારણ કે જૂની તાલીમ આવું નથી શીખવતી-ભલે એ ચલાવનાર મેકોલે હોય કે ભારતીઓ હોય.

વિજ્ઞાન જેમ પ્રયોગજન્ય હોય છે, દરેક જગ્યાએ અને સર્વને લાગુ પડતું હોય છે, તેમ ગાંધીજીના કેળવણી દર્શનમાં આ સંબંધ સ્વરૂપ વૈજ્ઞાનિક રીતે વિચારાયું છે. એ સાર્વજનીન છે, વૈશ્વિક છે. અશુભ ચિંતન કે સંકુચિત મનોવૃત્તિ વ્યક્તિને પતન તરફ લઈ જાય છે એ જગતભરનો અનુભવ છે. એટલે વ્યક્તિ શું વિચારે છે, વ્યક્ત કરે છે અને અમલમાં મૂકે છે તે અંગે સાવધ બનાવે એ કેળવણીનો પાયાનો ઉદ્દેશ છે. એ થાય તો સ્વ સાથેનો સંબંધ ઊર્ધ્વી કરણનો બને. લોભ, ઈર્ષા અને અહંકારમાંથી મુક્તિ મળે.

આ અંગે આજની ભારતીય કેળવણી રચનામાં ભાગ્યે જ વિચાર થયો છે. વિપશ્યના, જીવનવિદ્યા, આર્ટ ઓફ લીવીંગ વગેરેના વ્યક્તિગત પ્રયોગો થયા છે, પરંતુ વ્યાપક ભૂમિકા ઉપર શિક્ષણમાં એનો સ્વીકાર નથી થયો. એથી સંકુચિત રાષ્ટ્રવાદ, અંધ સાંપ્રદાયિકતા, અપાર ભ્રષ્ટાચાર, અસહાય કે અસંગઠિતનું શોષણ, પ્રકૃતિ સાથેનો વિચ્છેદ અને સામાજિક નિસ્બતનો અભાવ ચારે બાજુ જોવા મળે છે. ગાંધીદર્શન પ્રમાણે શિક્ષણમાં પ્રથમ પગલું છે સ્વ સાથેનો સંબંધ બદલાય.

## ૨. મનુષ્યનો સમાજ સાથેનો સંબંધ

મનુષ્ય એકલો રહી શક્તો નથી. સમાજ સાથે તેને જોડાવાનું થાય જ છે. એટલે એનો સંબંધ કેવો હોય એ શિક્ષણ ચિંતનનો ભાગ બને છે. ગાંધીજીએ અધિકારોને બદલે કર્તવ્ય ઉપર ભાર મૂક્યો. મનુષ્યનો સમાજ સાથેનો સંબંધ પોષક અને જવાબદારીનો હોવો જોઈએ. સમાજ બગડે અને વ્યક્તિ સુખી થાય કે શાંતિ પામે એવું બની ન શકે. એટલે સમાજ પ્રત્યેની વ્યક્તિની જવાબદારી કેળવાવી જોઈએ. અકબર-બીરબલની કથામાં હોજમાં એક ઘડો દૂધ રેડવાનો આદેશ હતો છતાં બીજા દિવસે સવારે હોજ માત્ર પાણીથી ભરેલો હતો. કારણ કે દરેકે માન્યું હતું કે બાકીના સૌ તો દૂધ રેડશે તો મારા એક ઘડા પાણીથી કાંઈ વાંધો નહિ આવે. આ મનોવૃત્તિમાંથી વ્યક્તિ સમાજનિષ્ઠાને આઘાત પહોંચાડે છે.

એટલે ઘડતરકાળથી જ એવો સંસ્કાર સ્થિર થવો જોઈએ કે સૌ માટે સૌએ મળીને કરેલા નિર્ણયો સૌ સ્વેચ્છાએ પાળે તો આખા સમાજનું સ્વાસ્થ્ય જળવાય. ગાંધીજીએ શિક્ષણમાં સામાજિક અનુબંધ થવો જોઈએ એમ કહ્યું એનો અર્થ એ કે વર્ગખંડના સિદ્ધાંતો અને જીવાતા જીવનને સાથે મૂકીને ચકાસવા જોઈએ. આજે વિદ્યાર્થી જુદાં જુદાં બળતણ (પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, ગેસ, કોલસો વગેરે) અંગે ભણે છે. તેના આંકડા યાદ રાખે છે, પરંતુ એના વાજબી વપરાશમાં પોતાની પણ જવાબદારી છે એમ ભાગ્યે જ વિચારતો થાય છે. કારણ કે જ્ઞાનનો જીવન સાથે અનુબંધ નથી થતો. એથી વિદ્યાર્થીની એવી સમજ વિકસતી નથી કે મારાં સામાજિક કર્મો ઈષ્ટ હોવાં જોઈએ. મારા કર્મોની સમાજને બગાડવામાં કે સારા થવામાં અસર પડે છે. માટે મારાં કર્મો સમાજહિતનાં જ હોવાં જોઈએ. આ સભાનતા અને સાવધતા ગાંધીજીના જીવનમાં પ્રત્યેક ક્ષણે રહેતી. એથી તેમણે શિક્ષણના સામાજિક અનુબંધ ઉપર ભાર મૂક્યો.

એમાંથી જીવાતા જીવનના પ્રશ્નોને વિદ્યાર્થી વાજબી રીતે પારખતો થાય છે અને એના ઉકેલો વિશે સમજતો અને શીખતો થાય છે. એમાંથી જાતે ઉપાયો વિચારતો થાય છે. ત્યારે વિદ્યા ફલવતી બને છે. સાચું કહીએ તો સામાજિક કર્તવ્યો અંગેની ઉપેક્ષામાંથી ભારત ગુલામ બન્યો હતો. ગાંધીજીએ ચંપારણ, ખેડા, બારડોલી, નમક સત્યાગ્રહ અને હિંદ છોડો ચળવળમાં પ્રજાને સામાજિક કર્તવ્યો અંગે સભાન કરીને સામાન્યમાં સામાન્ય માણસને ભાગીદાર બનાવ્યો હતો. ખાદી- ગ્રામોદ્યોગ, સ્વદેશી, ટ્રસ્ટીશીપના વિચારો

પાછળ આ દર્શન છે. ગાંધીજીએ સર્વોદય (છેલ્લામાં છેલ્લા માણસનો ઉદય)નું દર્શન આપ્યું તેનો પાયો સમાજનિષ્ઠા છે, તેનો આધાર બંધુતા છે. આજના શિક્ષણની મર્યાદા એ છે કે સામાજિક કર્તવ્યો દૃઢ કરવાને એ પોતાની કામગીરી ગણતું નથી. એટલે વિદ્યાર્થી ચાલાક અને હોશિયાર તો બને છે, પરંતુ સમાજધર્મ અંગે જાગૃત થતો નથી.

શિક્ષણને પરિણામે રાષ્ટ્રને જવાબદાર નાગરિક મળવો જોઈએ. જવાબદાર નાગરિકત્વ એ લોકશાહીનો પ્રાણ છે. લોકશાહીની વ્યાખ્યા ચૂંટાયેલી સરકાર વહીવટ કરે એટલી ઉપલક ન હોવી જોઈએ. અહિંસક અને શુદ્ધ સાધનો દ્વારા સૌનો ઉદય કેમ થાય એનું રાષ્ટ્રીય આયોજન એ લોકશાહી જીવન પ્રણાલી છે. શસ્ત્રોત્પાદન દ્વારા અમેરિકા પોતાને સમૃદ્ધ બનાવે તો લોકશાહી દેશ હોવા છતાં તેની એકાંગિતા અને મર્યાદા છે. કારણ કે તે યુદ્ધને પ્રોત્સાહન આપે છે.

ભારતીય સમાજની સૌથી મોટી મર્યાદા સમાજધર્મ પ્રત્યેની ઉપેક્ષા છે. અસ્પૃશ્યતા, ધર્મના બાહ્યાચારનો મહિમા, બહેનોના ગૌરવની અવગણના, શ્રમિકો પ્રત્યેની સૂગ, નિરક્ષરને ઉતરતા ગણવા-આ સઘળું સૂચવે છે કે સદીઓથી આપણે સમાજધર્મ અંગે જાગૃત નથી. એટલે સૌનાં સુખદુઃખ અંગે બેપરવા રહીએ છીએ. ગાંધીજીએ આ રોગ પારખ્યો અને શિક્ષણમાં તેનો ઉપાય બતાવ્યો. એક રીતે આ મોટી ક્રાંતિ છે કે જે વ્યક્તિગત ગુણો હતા તેને ગાંધીજીએ સમાજધર્મ સ્વરૂપે સ્થાપ્યા અને એને સંસ્કાર રૂપે સ્થિર કરવા નઈ તાલીમનું દર્શન આપ્યું.

ગાંધીજીએ આવો એક મહાન વિચાર આપ્યો કે વ્યક્તિનો સમાજ સાથે આવો જવાબદારીનો નવો સંબંધ બંધાવો જોઈએ, તેના કેન્દ્રમાં કર્તવ્યભાન હોય. આજે ૧૩૦ કરોડની વસ્તીના વિશાળ ભારતમાં આ તત્ત્વની ઉણપને કારણે ચારે બાજુ પ્રશ્નો જ પ્રશ્નો અનુભવીએ છીએ. દૈનંદિન જીવનમાં શોષણ, બળાત્કાર, હિંસા, જૂઠ, છેતરપીંડી, અજંપો, સંબંધોમાં તિરાડ અને અવિશ્વાસ રૂપે એ સઘળું પ્રગટ થાય છે. કારણ કે આપણાં પરિવારો કે વિદ્યાલયોએ સમાજધર્મની ખીલવણી માટે પૂરતા પ્રયત્નો નથી કર્યા. વ્યક્તિનો સમાજ સાથેનો કેવો સંબંધ ઈષ્ટ ગણાય એ અંગે કાળજી નથી લીધી. એટલે કહી શકાય કે વ્યક્તિનો સમાજ સાથેનો સંબંધ બદલાય એને ઇષ્ટ હોય એવું શિક્ષણ આપે તે નઈ તાલીમ છે.

### ૩. મનુષ્યનો પ્રકૃતિ સાથેનો સંબંધઃ

આજના માણસનો પ્રકૃતિ (સજીવ-નિર્જીવ બંને) સાથેનો સંબંધ ઉપભોગનો છે, અધિકારનો છે, સ્વચ્છંદ વેડફાટનો છે. જાણે યયાતિવૃત્તિને છૂટો દોર મળ્યો છે. છેલ્લાં ૩૭૫ વર્ષમાં માણસે પ્રકૃતિ સાથેનો સંબંધ માલિકી ભાવનો રાખ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી સાધન અને ઉત્પાદનમાં અસાધારણ પ્રગતિ થઈ છે. છેલ્લી પચ્ચીસીમાં તો કલ્પ્યાં નહોતાં એવાં ઉપકરણો મળ્યાં છે.

પરંતુ પ્રકૃતિ સાથેના સંબંધમાં જાગૃતિ અને સહકારનો ભાવ દેખાતો નથી એમાંથી પર્યાવરણની અસમતુલા, ગ્લોબલ વોર્મીંગ, ઓઝોન છતમાં ગાબડું વગેરે સર્જાયાં છે. એમેરિકામાં કારમી ઠંડી પડે, જર્મનીમાં અસાધારણ તાપમાન વધે, અનાજ-હવા-પાણીનું પ્રદૂષણ, વનોનો બેફામ વિનાશ, ધરતીને ધાવવાને બદલે ચૂસવાની મૂર્ખાઈ- આ અને આવા ઈશારા દર્શાવે છે કે માણસનો પ્રકૃતિ સાથેનો સંબંધ સ્વાર્થનો, અકરાંતિયાપણાનો અને વિકૃત બન્યો છે. એનાં જોખમો વૈશ્વિક રીતે હવે છતાં થઈ રહ્યાં છે.

આજે પર્યાવરણના, જળ- જમીન-હવાના પ્રશ્નો વિકટ અને સર્વનાશી બની રહ્યા છે. એટલે ગાંધીજીએ એને શેતાની સંસ્કૃતિ રૂપે ઓળખાવી હતી. નારાયણ દેસાઈએ આ મનોવૃત્તિને 'લઉં લઉં-ખાઉં ખાઉં સંસ્કૃતિ' રૂપે ઓળખાવી છે. વધુમાં વધુ પેદા કરો, વાપરો અને વેડફો એની ફેશન બની ગઈ છે. ગાંધીજીએ ૧૯૦૯માં 'હિન્દ સ્વરાજ'માં એ જોખમ વર્ણવ્યું હતું, પરંતુ ત્યારે માનવજાતને એની ભીષણતા પૂરી સમજાઈ નહોતી.

એટલે પ્રકૃતિ સાથેનો નિરામય સંબંધ સ્થાપવો જરૂરી છે એ ગાંધીજીએ પારખ્યું હતું. અને કેવું જીવન સાચું જીવન ગણાય એ પોતાના અને આશ્રમવાસીઓના જીવન દ્વારા દર્શાવ્યું હતું. સ્વૈચ્છિક સંયમ અને સ્વૈચ્છિક સાદગી ઉપર તેમણે ભાર મૂક્યો. એને શિક્ષણમાં અવતારવા માટે પ્રકૃતિ સાથેનો નવો- સંવાદી સંબંધ જોડવાની વાત કરી. પર્યાવરણવિદોએ ભાખવા માંડ્યું છે કે આજની રીતે જીવશે તો માણસજાત પાસે દસબાર વર્ષ જ છે. આ પસંદગી ઘડતરકાળમાં વિદ્યાર્થીઓને શીખવવી જોઈએ. તો તેમનો સંબંધ સહજ, સ્વાભાવિક અને પરસ્પર પોષક બની શકે.

એક તરફ અતિ વસ્તી છે. કુદરતના સંસાધનો ખૂટતાં જાય છે. કુદરતની સાઈકલ તૂટતી જાય છે. ત્યારે બને ત્યાં સુધી કુદરતને ઘસારો ન આપવો કે થયેલ ઘસારાની પૂર્તિ

કરવી એ યજ્ઞમય જીવન છે. એવું દર્શન આપીને ગાંધીજીએ પ્રકૃતિ સાથે મનુષ્યનો નવો સંબંધ કેવો હોય એ સૂચવ્યું છે. વિદ્યાર્થીને ઘડતરકાળમાં એને અનુકૂળ એવી સુટેવો પડે, નરવાં વલણો કેળવાય અને સાચી દષ્ટિ મળે તો એવું શિક્ષણ સાચું ગણાય. એ દષ્ટિએ આખી શિક્ષણરચનાનો પુનર્વિચાર કરવાની આવકશ્યક્તા છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કક્ષા અનુસાર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ અલગ અલગ હશે, પરંતુ તમામ તબક્કે દષ્ટિ અને સમજ તો આ જ હશે.

એટલે શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ પણ બદલાવો જોઈશે. આજનો બજારુ સંબંધ યોગ્ય નહિ ઠરે. શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ નિર્વ્યાજ સ્નેહનો જ હોઈ શકે. તો શિક્ષક આ સઘળાં અંગે વિદ્યાર્થીને પ્રેરી શકશે. એટલે ગાંધીજીએ શિક્ષણમાં સહજીવન ઉપર ભાર મૂક્યો. જાણે કે વિદ્યાલય એ સમાજની નાની આવૃત્તિ હોય એમ ગણીને વિદ્યાર્થીના ભાવો, વલણો, વિચારણા સર્વકલ્યાણકારક બને એના પર ભાર મૂકાયો છે. તો જ એ નઈ તાલીમ ગણાય.

ગાંધીજી આ પારખી શક્યા હતા અને સમગ્ર રાષ્ટ્રની શિક્ષણરચનામાં એને અવતારવા માટે નઈ તાલીમનું દર્શન આપ્યું હતું. સ્વરાજ પછીના નીતિનિર્ણાયકો એ અંગે જાગૃત ન રહ્યા, ગાંધીદર્શનની ઉપેક્ષા કરી, વિચારણામાં એકાંગી બન્યા તેથી જૂની શિક્ષણરચના જ થોડા નામ-ફેરે ચાલુ રાખી. એથી આજે ભણેલાઓ કરોડો છે, પણ જવાબદાર, દષ્ટિપૂત નાગરિકો બહુ ઓછા છે. પ્રકૃતિની જાળવણી એ સૌથી પવિત્ર ફરજ છે એવી સભાનતાવાળા નાગરિકો તો અતિ જૂજ છે.

ગાંધીજીના આ ક્રાન્ત દર્શનને શિક્ષણમાં અવતારીને જ ભારત નવું ભારત બની શકશે. સર્વોદયી ભારત બની શકશે. માનવીય વિકાસની નવી ઊંચાઈને આંબી શકશે. તો જગત માટેનું ભારતનું આ મહાન પ્રદાન ગણાશે.

ગાંધીજીના શિક્ષણદર્શનને યોગ્ય સંદર્ભમાં સમજશું તો કેવું જીવન, કેવું શિક્ષણ, કેવો સંબંધ ઈષ્ટ અને આવકાર્ય ગણાય તે સ્પષ્ટ થઈ શકશે.

---

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશિષ સ્કૂલ સામે, જજીસ બંગ્લોઝ વિસ્તાર, અમદાવાદ-૩૦૦૧૫,
મો. : ૯૮૨૪૦૪૨૪૫૩

॥ વિદ્યાવૃત્ત ॥

## CDC ખાતે નોન-ટીચીંગ સ્ટાફ માટે વર્કશોપ યોજાયો

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વાર સંચાલિત એચ.એમ. પટેલ કેરીયર ડેવલેપમેન્ટ સેન્ટર ખાતે ચારુતર વિદ્યામંડળના નોન-ટીચીગ સ્ટાફ માટે યોજાયેલ Organisational behaviour વિષય પરના બે દિવસીય વર્કશોપનું મંડળના માનદ્ મંત્રી ડૉ.એસ. જી. પટેલ અને માનદ્ સહમંત્રી ડૉ.આર. સી. તલાટીએ કર્યું હતું.

ડૉ. એસ.જી.પટેલ અને ડૉ. આર.સી.તલાટીએ પ્રાસંગિક ઉદ્દબોધન કરીને વિદ્યાર્થીઓ, વાલીઓ, કર્મચારીઓ, વિવિધ ઓફીસની વ્યક્તિઓ, વગેરે સાથે કેવી રીતે વર્તવું તેની ઉદાહરણ સાથે વિસ્તૃત સમજણ આપી હતી.

સીવીએમના ઉપ પ્રમુખ મનિષભાઈ પટેલે જવાબદારી અને જવાબદેહી અંગે કર્મચારીઓને માહિતગાર કર્યા હતા માનદ્ સહમંત્રી મેહુલભાઈ પટેલે સી.વી.એમ મેનેજમેન્ટની દૂરંદેશી તથા ઉદ્દેશ્યોની વિસ્તૃત માહિતી આપી હતી. સીવીએમના એચ.આર મેનેજર ડૉ. અનુપમા સિંઘે ટાઈમ મેનેજમેન્ટ, બીજેવીએમના આચાર્ય ડૉ. કેતકી શેઠે સ્ટ્રેસ મેનેજમેન્ટ અને ડૉ.રેન મજીઠીયાએ ઈફેક્ટીવ કોમ્યુનિકેશન વિશે વિસ્તૃત સમજ આપી હતી.

સીડીસીના માનદ્ ડાયરેક્ટર ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજાએ વર્કશોપની વિસ્તૃત માહિતી આપી સીડીસીની વિવિધ પ્રવૃતિઓ વિષે માહિતી આપી હતી. શિબિરને સફળ બનાવવા પ્રતિકભાઈ મુખરજી અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

॥ સમીક્ષા ॥

# ‘પોળોના પાદરમાં’ની પ્રકૃતિની ફ્રેમમાં મઢાયેલું લોકજીવન

ઉત્પલ પટેલ

(‘પોળોના પાદરમાં’: દિનેશ પટેલિયા, પ્રથમ આવૃત્તિ: ૨૦૧૩, પ્રકાશન: ગુજરાતી સાહિત્ય પરિષદ: અમદાવાદ, પૃષ્ઠ: ૬૦)

પોળો સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ પ્રાકૃતિક અને ધાર્મિક ધામ છે. ‘પોળો’ શબ્દ ક્યાંથી કેવી રીતે આવ્યો તે વિશે અનુમાન તો લેખક દિનેશ પટેલિયાએ ‘પોળોના પાદરમાં’ (૨૦૧૩) નિબંધસંગ્રહમાં કર્યું છે, પણ વાચકને એની ખપત નથી લાગતી. કેમ કે લેખક તેમની સાદા શણગારવાળી લખાવટથી વાચકને પોળોના પાદરમાં અને ખુદને પોળોમાં મૂકી દે છે. લેખક વાચકને પોળોને નિહાળવાની, પામવાની અને માણવાની દૃષ્ટિ આપે છે, જેને લીધે પ્રસ્તુત નિબંધસંગ્રહમાંથી પસાર થતાં લેખક તે પ્રદેશમાં, તે ભૂમિમાં જાણે માનસિક પડાવ નાખે છે.

વિજયનગર તાલુકાના પોળો વિસ્તારની પ્રકૃતિશ્રીને તમે પ્રત્યક્ષ જુઓ તો તેમાં લેવાતા જ જાઓ, પણ લેખક તમને તેમાં ઉતારે છે તેની તો વાત જ ન્યારી છે ! જેવી પ્રકૃતિ તેવો જ પુરુષ. જુઓ લેખકની કલમ બતાવે છે: ‘‘નવદેરાંથી હરણાવ પાર કરી અમે મુખ્ય રસ્તા પર આવ્યા તો આશ્રમ બાજુથી મોટી લાલ પાઘડીવાળો, કંકુ છાંટ્યું સફેદ ચુસ્ત કેડિયું ને પાણી બંધાય એવું જાડું ધોતિયું પહેરેલો, છેડે દાતરડું બાંધેલો, લાંબો વાંસ ખભે મૂકીને, ફાટેલા વાંકાચૂકા જોડા વડે લથડાતી ચાલે ચાલતો, ‘હિસ...સી...હિ... યો...ઉઉ...’ જેવા દેકારા દેતો રબારી ગાયોના ટોળાની આગળ ચાલ્યો આવતો મારી દૃષ્ટિએ પડ્યો.’’ (પૃષ્ઠ: ૧૬) શારણેશ્વરની પ્રકૃતિમાં ઊપસી ઊઠે તેવો પુરુષ તે આ રબારી. આ નિબંધસંગ્રહના નવ નિબંધોમાંથી પહેલા પાંચ તો તે પ્રદેશની નિબિડ પ્રકૃતિશ્રી અને તેમાં ઊછરેલ, ઓપેલ લોકને પ્રત્યક્ષ કરાવે છે. લેખક લેખનના કેન્દ્રમાં પોતાની સેલ્ફ-Self અને પરિવારને રાખી, સ્થળ અને સ્મરણના પ્રત્યક્ષીકરણમાં જીવંતતા લાવે છે. એમાં માહિતી, પાત્રો, પ્રસંગો, દંતકથાઓ, ઈતિહાસ અને પ્રકૃતિચિત્રણ એકરસ બનીને આલેખાયાં છે.

‘પોળોથી પોળો’ નિબંધમાં શૈશવમાં લેખક પર આ સ્થળની પ્રકૃતિ અને તે પરના લોકજીવને જે છાપ પાડેલી તે સ્મરણમાં આવતાં તે આખાને આલેખતાં તેમાં રમમાણ બની જાય છે, લાગે કે તેમાં તણાતા જાય છે; પણ તેમની વૈજ્ઞાનિક ચેતના તેમને તટસ્થ બનાવીને વસ્તુનું આકલન કરવાય પ્રેરે છે. લેખક લખે છે કે દંતશ્રુતિ મુજબ તો ‘‘ડુંગરનો થોડો ભાગ ખેડેલું ખેતર હોય એવો અને થોડો ભાગ ખેડેલા ખેતરમાં માગો માર્યો હોય તેવો હતો. પથ્થરનું હળ અને માગો ત્યાં હોવાનું જણાવીને ઉમેર્યું કે એ હળથી ભીમ ખેતી કરતો ! મારા આશ્ચર્યની કોઈ સીમા ન હતી. એક પછી એક ખૂલતા એના રહસ્યમય સંદર્ભોથી હું ભીંજાતો હતો.’’ એ પછી આકલન એવું આવે છે કે, ‘‘વનગમન વખતની પાંડવોની ઉપસ્થિતિને કઈ ભૂમિએ નથી સ્વીકારી? તે પોળો ન સ્વીકારે ?’’ (પૃષ્ઠ: ૩)- આ વાત સાચી છે. આપણે જાણીએ છીએ કે જુદાં જુદાં સ્થળોમાં ભીમપગલું આવે ને હેડંબાવન પણ આવે. પાંડવો બાર વરસ વનમાં રહ્યા તે જાણે બધાં જ વનોમાં રહી આવ્યા હોય એવું લોકશ્રુતિ ભાખે છે, કેમ કે તેને તે ભાવે છે. આમ અહીં પુરાણ, ધર્મ, લોક અને પ્રકૃતિ બધું એકરૂપ બને છે અને તેથી તો પ્રકૃતિની ફ્રેમમાં મઢેલું લોકજીવન આપણને સ્પર્શી રહે છે.

રાજકીય ઈતિહાસ પણ અહીં દંતકથાના લેબાસમાં સાંભળો: ‘‘એક વખત ગુજરાત અને રાજસ્થાનના સીમાંકન સંદર્ભે પાટણ અને ઉદયપુરના રાજાઓ વચ્ચે સમજૂતી કરાર થયેલો. બંને રાજાઓએ સવારે નિયત સમયે પોતપોતાના રાજમહેલથી ઘોડેસવાર થઈ નીકળવું. બપોરે બંનેનો જ્યાં ભેટો થાય ત્યાં સરહદ નક્કી કરવી. સમજૂતી પ્રમાણે નીકળેલા બંને રાજાઓ હાલના વીરેશ્વર પાસેના પ્રતાપગઢ મુકામે ભેગા થયેલા. સમજૂતી મુજબ અહીં સરહદ નક્કી થાય, પરંતુ એમ થતું નથી. સીમાંકન માટે મળેલી મંત્રીમંડળની બેઠકમાં પાટણનો રાજમંત્રી પોતાને વધારે પ્રદેશ મળવો જોઈએ એવો પ્રસ્તાવ મૂકી પોતાની દલીલની યોગ્યતા માટે કારણ રજૂ કરે છે. પાટણનો રાજા ઊગતા સૂર્યનાં સામાં પડતાં કિરણોનો સામનો કરતો આવ્યો છે અને જતી વેળાએ પણ આથમતા સૂર્યનાં કિરણોનો સામનો કરવાનો છે. જ્યારે ઉદયપુરના રાજાને તો આવતાં-જતાં સૂર્યનાં કિરણો પીઠ પર પડે છે.’’ (પૃષ્ઠ: ૨) અહીં ઈતિહાસતત્ત્વ ઓછુંવત્તું હોય, ન પણ હોય, કદાચ કોરી કિંવદંતી હોય તો યે પાટણના રાજાના પક્ષની દલીલ ગમે અને ગળે ઊતરે તેવી તો છે.

લેખકને શૈશવનાં સ્મરણો ભીંજવે છે એમાં આવી કિંવદંતીઓ, વડીલોને મુખે સાંભળેલાં દૃષ્ટાંતો આવે છે. લોકકથાઓમાં સ્વભાવિક રીતે મધ્યકાલીન લોકજીવનના તત્ત્વો આવવાનાં અને એમાં મોટો ભાગ તો રાજ-રજવાડાંની સત્તાએ લોકજીવન પર પાડેલી છાપ આવવાની. એમાં પણ કેન્દ્રીય ભાગ તો રાજાઓના શૌર્યના કિસ્સાઓનો હોય. એમાં લેખકના શિશુમનને રસ પણ પડ્યો છે, ને વળી લેખકની ચેતના પણ એને મૂલવે છે. એ બાબત 'વાઘમારુથી વીરેશ્વર' નિબંધમાં આવે છે. 'વાઘમારુ' એ સ્થળનું (ટાવરનું) નામ છે. એ નામનો ખુલાસો જુઓ: ''વાઘનો શિકાર કરવા માટે રાજપૂત રાજાઓએ આ ટાવર બંધાવેલો. વાઘનો શિકાર કરી હિંમત દાખવતા રાજાઓ વાવની પાસે બકરું બાંધી શિકારી કાફલા સહિત આ ટાવરમાં લપાઈ રહેતા. વીરેશ્વરના જંગલમાંથી પાણી પીવા આવેલો વાઘ બકરું ખાવા રોકાય. દરમિયાન ટાવરમાં ભરાઈ રહેલ રાજાઓ ઊંચાઈએ આવેલા બાકોરાંમાંથી બંદૂક ચલાવી વાઘને મારતા. એટલે તો આ ટાવરનું નામ 'વાઘમારુ' પડ્યું.'' (પૃષ્ઠ: ૭) હવે આ બાબત પરત્વે લેખક કહે છે તે ધ્યાનમાં લેવા જેવું છે. લેખક લખે છે: ''રાજાઓના શૌર્યવિષયકના મારા જ્ઞાન પર જાણે એકાએક હિમ પડ્યું. રજવાડાંના રાજસૂર્યના અસ્તમાં તેમની પરાક્રમની આ દાંભિકતાનો પણ ઓછો ફાળો ન હોય એવા વિચારવમળોમાં હું ફસાતો ગયો.'' (પૃષ્ઠ: ૭) કેટલું સંયમપૂર્વકનું, બેઠા કટાક્ષવાળું રાજાશાહીની પતનશીલ અવસ્થાનું આ મૂલ્યાંકન છે ! એમાં કડવાશ તો રજમાત્ર ડોકાતી નથી.

લેખકના શૈશવકાળે વિજયનગર પંથકનું લોકજીવન કેવું હતું, તેની પોતા પર કેવી છાપ પડી તે વાચકને પ્રત્યક્ષ કરાવતાં લેખક એનો સ્વાદ બરાબર લે છે. કયારેક તો તેઓ પરિવારનાં, પત્ની સહિતનાં સભ્યોની તેમના માનસનો ભાગ બની ગયેલી અંધશ્રદ્ધાને માફ કરે છે. એમાં તેમને રસ પડ્યો હોય તેવું વાચકને લાગે તો લાગે પણ લખતાં દિલચોરી ન થાય એ ઉસૂલ આપણા લેખકે બરાબર પાળ્યો છે. 'ધરતીમાતા' નિબંધમાંનું એક જ ઉદાહરણ બસ થશે. લેખકના પત્નીનું આ કથન તેને માટે નોંધી શકાય એમ છે: ''અષાઢી વરસાદ ખેંચાય એવા સંજોગોમાં આખા ગામમાંથી એક એક વાડકો ચણા અને મકાઈ ઉઘરાવવામાં આવે, એની ઘુઘરી (બાફેલાં ચણા-મકાઈ) રાંધવામાં આવે પછી આખું ગામ ઉમંગ સાથે ઘુઘરી લઈને ધરતીમાતાએ મેઘની માગણી માટે જાય. એક-બે દિવસમાં જરૂર વરસાદ આવે... પછી તો નવો પાક તૈયાર થાય એટલે સૌથી પહેલાં એનો નૈવેદ્ય માતાજીને ચડાવાય, પછી જ બધાં પોતાના ઉપયોગમાં લે. (પૃષ્ઠ: ૩૫) આની ઉપર લેખકની નોંધ જુઓ: ''ધરતીમાતા પ્રત્યેના શ્રદ્ધાભાવથી હું સતત પરિતૃપ્ત થતો ગયો.'' (પૃષ્ઠ: ૩૫)

એકથી પાંચ અને છથી નવ એમ આ બંને વિભાગના નિબંધોમાં સમાન વસ્તુ છે લેખકનો પોતાના પ્રદેશ, વતન પ્રત્યેનો તેમનો અહોભાવ. જે જે સ્પર્શ્યું તેમાંથી જે જે સ્મૃતિમાં જડાઈ ગયું તેને લેખક સાદગીપૂર્વક શણગારવાળી ભાષામાં લગાવથી ઝીણી વિગતે આલેખે છે. બીજા વિભાગની વાત તો એટલા માટે કે 'ઈડરીવાવ', 'લીમડાવાળો કૂવો', 'પોઠિયો', 'જૂનું વતનઘર' એ નિબંધોમાં વિશેષે કરીને અંગત-તાનો સમાસ છે.

'પોઠિયો' નામના નિબંધમાં થયેલું રૂપા નામના પોતાના બળદનું આલેખન તો એ બળદના વ્યકિતત્વનો સ્પર્શ આપી જાય છે. ખેડુજીવનમાં પાળેલાં ઉપયોગી પશુઓ માટે 'પશુધન' શબ્દ યોજાય છે પણ લેખકને માટે તે ધન નહિ, વિશેષ છે. જાણે કે તે પરિવારનો જ હિસ્સો છે. લેખકના શબ્દો જુઓ: ''રૂના ઢગલા જેવા ધોળાધબ આંખો બંધ રાખીને વાગોળતા એ બળદોથી ગમાણ જ નહિ, પણ અમારું ઘર શોભતું. ગમાણમાં એઓ ન હોય ત્યારે આખું ઘર ખાલીખમ ભાસતું... રૂપો અમારો જબરો બળદ. આખા ગામમાં અવ્વલ નંબરનો. હાથીના બચ્ચા જેવી ભરાવદાર એની કાયા. ધોળો તો ધોધના ફીણ જેવો. મખમલના જેવી સુંવાળી તો એના ગળાની ચાદર. રાજકુંવરના જેવી ભપકાદાર એની ચાલ.'' (પૃષ્ઠ: ૫૦)

કુલ આ નવ નિબંધોમાં લેખકનો 'હું' આખા પંથકસંદર્ભે જીવંતરૂપે વિસ્તરે છે, વિકસે છે. આ પ્રથમ નિબંધસંગ્રહમાં પણ લેખકનું સ્વત્વ અને સત્ત્વ સચ્ચાઈપૂર્વક ઉપસ્યું છે.

'પ્રકાશકીય'માં જે નોંધ લીધી છે તેની સચ્ચાઈ સંગ્રહના પ્રત્યેક નિબંધમાં વરતાય છે. પારુલ કંદર્પ દેસાઈએ લખ્યું છે: ''સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં 'પોળો' નામથી ઓળખાતા વનવિસ્તાર સાથે નાભિનાળનો સંબંધ ધરાવનાર આ લેખકના શૈશવ અને કૃષિજીવનના વાસ્તવિક નક્કર અનુભવો અહીં સર્જનાત્મક અભિવ્યકિત પામ્યા છે. એ પ્રજાની પરંપરાગત જીવનશૈલીની ઝીણી ઝીણી વિગતોની સાથે પરિવર્તન પામતા સમાજજીવનનો પણ પરિચય અહીં મળે છે. આ નિબંધો, તેમની પાસેથી આવા નિબંધો મળતા રહે એવી અપેક્ષા જન્માવે છે.''

આપણે આ મૂલ્યાંકન સાથે સંમત થઈશું અને લેખકના આ કથનમાં પણ સૂર પુરાવીશું કે, ''પોળોથી પોળો' એ મારો બીજો નિબંધ છે. જે આ સંગ્રહની પ્રસ્તાવના રૂપ બની રહ્યો છે...આ સંગ્રહના નિબંધો ગ્રામીણ પરિવેશમાં નિર્બંધ વીતેલા મારા શૈશવ અને કૃષિજીવનના વાસ્તવિક નક્કર અનુભવોની મૂડીને આભારી છે.'' ('પ્રાકટ્યની ક્ષણે'માંથી)

અંતે, લેખકના વર્ણનસામર્થ્યના પરિચય માટે 'શારણેશ્વરના મલકમાં'નું એક અવતરણ લઈશું: ''બાજુના ઘરે કન્યાનું આણું આવેલું હતું એવું ખંગારિયાના મુખેથી સાંભળી પુનઃ નજર દોડાવી. શીમળાનાં ફૂલ સરખા લાલચટ્ટાક હોઠવાળી, જાણે પર્વત પરથી પડતાં ધોધના ફીણ જેવી ધવલ તરુણી મારી તરફ આવી રહી હતી. કેસૂડાનાં ફૂલ જેવું સુરખીભર્યું મધ્યમસરનું અણિયાળું તેનું નાક, ટેરવે નાનકડી ભૂરી-કાળી ટીલીથી વિશેષ આકર્ષક લાગતું હતું. પોયણી જેવાં કોમળ પોપચાંમાં સ્નેહ વરસાવતાં તેનાં નયનો, ચોમેર ફૂલડાં વેરાતાં ન હોય એવું તો ખડખડાટ એનું હાસ્ય ! લાલ-કાળી ટીપકીવાળા ઓઢણામાં વિશેષ રતુંબડું લાગતું તેનું ગોરું વદન ગાલ પરના છૂંદણાના કારણે વિશેષ દીપી ઊઠતું હતું.''
(પૃષ્ઠ: ૧૮)

આ વર્ણન વાંચીને ઝવેરચંદ મેઘાણી આલેખિત 'સૌરાષ્ટ્રની રસધાર'ની આલેખના યાદ આવી રહે ! પણ ત્યાં મેઘાણીનું મેઘાણીપણું છે, ને અહીં પટેલિયાનું પટેલિયાપણું છે. અનુકરણ કે અનુસરણની તો અહીં વાત જ નથી. હા, દિનેશ પટેલિયા અલંકારોની લેહમાં લેવાયેલા લાગે છતાં સચ્ચાઈ તો તેમના ઉપરોક્ત વર્ણનમાં અનુભવાતી જોવા મળે છે.

નિબંધકાર દિનેશ પટેલિયાએ કેટલા બધા તળપદ જીવનના શબ્દો આ નિબંધસંગ્રહ દ્વારા આપણી ભાષાના શબ્દભંડોળમાં ઉમેર્યા છે. એ રીતે ભાષાના શબ્દધનને સમૃદ્ધ કરવામાં પણ એમની ભૂમિકા છે જ.

આપણે આશા રાખીશું કે આ સંગ્રહમાં જે નીપજ્યું છે તે સરાહનીય તો છે, પણ હવે પછી જે નિબંધસંગ્રહ આવે તેમાં વિકાસની છલાંગ હોવી જોઈએ. 'પોળોના પાદરમાં' નિબંધસંગ્રહ તેને માટે જરૂર આશા બંધાવે છે.

।। કવચ ।।, ૧૩-રામેશ્વર સોસાયટી, મહાવીરનગર વિસ્તાર,
હિંમતનગર: ૩૮૩ ૦૦૧, સેલ ફોન: ૯૯૨૫૦ ૭૭૭૨૫

।। વિદ્યાવૃત્ત ।।

**ન્યુ વિદ્યાનગર, એરિબાસ બાયોટેકનોલોજી કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું.**

ગુજરાતના ખ્યાતનામ શિક્ષણ સંકુલ વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળને ૭૫ વર્ષ પુરાં થતાં હોઈ ગ્રીન કેમ્પસ ક્લીન કેમ્પસનાં ભાગરૂપે ૭૫૦૦ વૃક્ષનાં રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવનાર છે. જેનાં ભાગરૂપે એરિબાસ બાયોટેકનોલોજી કોલેજ કેમ્પસમાં ૨૨૧ રોપાઓનું વૃક્ષારોપણ કરવાનું લક્ષ રાખવામા આવ્યું છે, જેનો સૌ પ્રથમ શુભઆરંભ ન્યુ વિદ્યાનગરની એરિબાસ બાયોટેકનોલોજી કોલેજ કેમ્પસમાં ૨૧ રોપાઓનું વૃક્ષારોપણ ચારુતર વિદ્યામંડળનાં માનદ સહમંત્રી શ્રી ખોડાભાઈ એસ પટેલ અને માનદ સહમંત્રી શ્રી વિશાલભાઈ એચ. પટેલનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રીન કેમ્પસ ક્લીન કેમ્પસનાં કન્વીનર ડો.પરેશભાઈ યુ. મોરધરા (આસી. પ્રોફેસર, બી.જે.વી.એમ), શ્રી કાર્તિક એ. જગતાપ (હેડ, ઈંગ્લિશ ડિપાર્ટમેંટ, એન.વી.પાસ) ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. એરીબાસ સંસ્થાનાં ઇન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈ, એન. એસ.એસ.નાં કન્વીનર ડો. કિન્નરી મિસ્ત્રી, સ્વાન-ઈકો ક્લબનાં કન્વીનર ડો. દિગ્વિજયસિંહ રાણા તેમજ વિદ્યાર્થીઓ અને સર્વે સ્ટાફ મિત્રો દ્વારા વિવિધ પ્રકારનાં રોપાઓનું વૃક્ષારોપણ કર્યું હતું.

## મૂળ

દુર્ગેશ ઓઝા

ભરબજારમાં સન્નાટો! આક્રોશભેર ચાલી રહેલા રમણલાલ જગુ સાથે ભટકાયા ને જગુએ ધક્કો મારીને.. 'એ ડોસલા, દેખાતું નથી આ તારો બાપ હાલ્યો આવે છે તે?' રમણલાલ ગુસ્સાથી ફાટફાટ તો પહેલેથી હતા જ, એમાં આ શબ્દોથી ભડકો થયો. એક સણસણતો તમાચો જગુના ગાલ પર! લોકો સ્તબ્ધ ને જગુ ભારાડી ઘડીભર અવાચક! જેનાથી લોકો થરથર કાંપતા, ગુંડાગીરીમાં જેનું નામ ગાજતું, જેને આંગળી અડાડવાનીય કોઈની હિંમત નહોતી એ જગુ ભારાડીને એક સામાન્ય માણસે તમાચો નહીં, કાળી ટીલી લગાડી દીધી! જગુ રમણલાલને મરણતોલ માર મારવા ધસ્યો, પણ લોકોએ એને એમ કરતાં અટકાવ્યો. ક્યાંક ચાપલૂસી, ક્યાંક સમજદારી તો ક્યાંક જગુના ગુણગાન ગાઈ એના મનમાં પોતાના માટે એક સારો ભાવ ઊભો કરવાના હવાતિયા... 'જગુભાઈ, રહેવા દયો, એની તો સાઠે બુદ્ધિ નાઠી. તમે તો મોટા માણસ...'

ઓફિસની બારીમાંથી આ બધો તાલ જોઈ રહેલાં યાદવે પટાવાળા રઘુને ફરમાન કર્યું ને જગુ ભારાડી ઓફિસમાં પ્રવેશ્યો. કરડો અવાજ ગાજી ઊઠ્યો, 'મને શું કામ બોલાવ્યો? હું કોણ છું ખબર છે ને?'

'ગુસ્સો થૂંકી નાખો જગુભાઈ, સાહેબ. મેં તમને એટલે બોલાવ્યાં કે.. તમે એ રમણીયાને સાવ કોરેકોરો જવા દીધો? મને તો હતું કે તમે હમણાં એનો ઘડોલાડવો..!'

'તો તમે ભૂલો છો. અત્યારે તો જવા દીધો, પણ સાંજ પડવા દયો. મારીમારીને એને ખોખરો ન કરી નાખું તો મારું નામ જગુ ભારાડી નહીં. એની જાતનો..!'

હવે બરાબર. એ જ લાગનો છે એ સાલો. અમારી સામેય બહુ શેખી મારતો'તો. ૩૫ વર્ષની નોકરીમાં બધાનું કામ તરત ને પૈસા ખાધા વગર કરી આપતો ને બધો જશ પોતે એકલો ખાટી જતો. એ નિવૃત્ત થયો એટલે હક્કહિસ્સો લેવા આવ્યો'તો. આમ તો બધું તરત મળી જાય, પણ સિદ્ધાંતનું પૂછડું ખરો ને? આ એનો પાંચમો ધક્કો હતો. મેં કીધું કે વહેવારમાં કંઈક સમજો. પાંચસો આપો ને બધું લઈ જાવ. તો કહે, 'મરી જઈશ, પણ લાંચ નહીં આપું. મારા હકના પૈસા માટે મારે..!' આવું બધું કહી એ ગુસ્સામાં હાલતો થઇ ગયો ને એટલે તમારી હારે ભટકાયો ને પછી આ બધું... લ્યો આ આઈસ્ક્રીમ લ્યો. મેં ખાસ તમારા માટે.. હા, પણ તમે એ રમણલાલને છોડતા નહીં. બરાબરનો બદલો લેજો હો'. યાદવ ખંધુ હસતાં આમ કહી રહ્યો.

'આ જગુ ભારાડી કોઈને છોડતો નથી. ને બદલો! બદલો તો હું લઈશ જ, બરાબરનો લઈશ'. કહી જગુએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. એની નજર સામે રમણલાલ તરી રહ્યા.

બીજા દિવસે રમણલાલને એના હક્કહિસ્સાની પૂરેપૂરી રકમ મળી ગઈ. રમણલાલ જગુની માફી માંગી રહ્યા હતા ને જવાબમાં જગુ દ્વારા એના ગાલે હળવી ટપલી! બીજી બાજુ યાદવ પોતાના બેય ગાલ હજી ચચરી રહ્યાની ફરિયાદ ઓફિસમાં બધાને કરી રહ્યો હતો! ખુરશીને લાત, એનો ને આઈસ્ક્રીમના કપનો છુટ્ટો ઘા.. ને સણસણતા બે તમાચા..!

૧, જલારામનગર, નરસંગ ટેકરી, હિરો શો-રૂમ પાછળ,
ડો. ગઢવીસાહેબના મકાન પાસે, પોરબંદર. ૩૬૦૫૭૫.
મો-૯૮૯૮૧૬૪૯૮૮.,
ઇ-મેઈલ-durgeshoza@yahoo.co.in

।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટારના ઇન્ડસ્ટ્રીઅલ હાઇજીન અને સેફટી વિભાગ દ્વારા એક્સપર્ટ ટોક યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારના ઇન્ડસ્ટ્રીઅલ હાઇજીન અને સેફટી વિભાગ દ્વારા તાજેતરમાં એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ એન્જિનીયરીંગ, યુ.એસ.એ, કંપનીના સીઈઓ શ્રી શ્રેણિક રાણપુરાએ હાઇજીન અને સેફટી તેમજ પર્યાવરણના વિદ્યાર્થીઓને હાઇજીન અને સેફટીના કોર્સમાં ઉજ્જવળ કારકિર્દી વિષે સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હાઇજીન અને સેફટી વિભાગના હેડ શ્રી બૈજુ વર્ગીસે કર્યું હતું. અંતમાં આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમારે વિદ્યાર્થીઓને જવલંત ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

।। સમીક્ષા ।।

## સુકાયેલ ડાળ પરનું ફૂલ- 'ત્રિદલ'

**બિપિન બારૈયા**

દરેક સર્જક પોતાની અભિવ્યક્તિને અનુરૂપ સ્વરૂપની પસંદગી કરે છે. અને એને પોતીકો અવાજ આપવાનો પ્રયાસ કરે છે. સર્જકનો સૂર સ્વાભાવિક રીતે જ કોઈ સ્વરૂપની વરણી કરતો હોય છે અને એમાં જ પોતાના સંવેદનવિશ્વને શકયતમ રૂપમાં ઢાળવાનો પ્રયાસ કરે છે. આ સૂર ક્યારેક કોઈ ચોક્કસ આકારમાં સહજ જ ઢળે અને કાં તો બીજા કોઈ આકાર રૂપ તરફ વળવું રહ્યું. ન્હાનાલાલ જેવાં સર્જકને છંદની ગલીઓ સાંકડી લાગી. આખરે એ ડોલન શૈલી તરફ વળે છે અને લયની અપાર શકયતાઓને તાગવા મથે છે. એક તરફ ઉછીના સ્વરૂપને પોતીકાં બનાવી દઈ આત્મસાત્ કરી લખવાની પ્રવૃત્તિ થતી હોય ત્યારે જે-તે સ્વરૂપને ગુજરાતીપણું મળ્યું છે તો ઘણું બીબાઢાળ પણ સર્જાતુ હોય છે.

'ગઝલ' નવા સર્જકોને આજે વધુ આકર્ષતુ સ્વરૂપ છે. આ ગઝલવિશ્વ પણ થોડા તારલાઓના તેજે પ્રકાશી રહ્યું છે. આ દિશામાં જ વળી જવાતુ હોય એવી સહજતાથી નવોદિતો ગઝલને સ્વીકારે છે.

સંસ્કૃત છંદોમાં સળંગ કામ કરવું અને ભાવ-વિશ્વને અકબંધ રાખવું એ કપરું કામ જ ગણાયને! બ.ક. ઠાકોરથી ગુજરાતીમાં શરૂ થયેલી સૉનેટયાત્રાનો ગ્રાફ યુગે-યુગે અને દિવસે-દિવસે નીચો જતો ગયો. 'સૉનેટ' બોલતાની સાથે સ્વરૂપની એક ચોક્કસ આવશ્યકતા અને ભાવની એક નિશ્ચિત અભિવ્યક્તિની ગરીમા ઊભી થાય છે જે આ સ્વરૂપની અનિવાર્યતા પણ છે. જેને આપણે સૉનેટની આંતર-બાહ્ય શરતો તરીકે પણ લેખીએ છીએ. ગુજરાતી ભાષામાં સૉનેટનું ખેડાણ જે-તે સમયે ખૂબ થયું પણ આજે છૂટા-છવાયા સૉનેટ જ મળે છે. આ સ્થિતિમાં અડસઠ (ત્રેસઠ) સૉનેટનો સંગ્રહ 'ત્રિદલ' ગુજરાતી ભાષામાં પ્રગટ થાય એ આવકાર્ય ઘટના જ લેખાય. નવેક જેટલા સામયિકોમાં છૂટા-છૂટા ૧૪(ચૌદ) જેટલાં સૉનેટ પ્રગટ થયા છે. એ થઈને અડસઠ જેટલા સૉનેટનો સંગ્રહ 'ત્રિદલ' આપણને પારુલ બારોટ પાસેથી ૨૦૧૮માં પ્રાપ્ત થાય છે. સ્ત્રીસહજ અને પારિવારિક જવાબદારીઓ-વશ બે દાયકા પછી ફરી સર્જનરત થઈ સૉનેટસંગ્રહ આપે છે.

'ત્રિદલ' ૨૦૧૮માં રંગદ્વાર પ્રકાશન પ્રકાશિત કરે છે ત્યારે એમાં ધીરુ પરીખ, રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક આદિના આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે. ગીત કે ગઝલના સ્વરૂપ પસંદ ન કરતા નાનપણથી જેનાં બી રોપાયા હતા એવા ઊર્મિ-ચિંતનપ્રધાન સ્વરૂપ પર કવયિત્રી પસંદગી ઉતારે છે. સંગ્રહનાં સૉનેટમાં આ ઊર્મિ અને ચિંતનનાં ગુણ-લક્ષણને જાળવવાનો પ્રયાસ સારો છે. સંગ્રહના બધા જ સૉનેટ શેકસપિયર શાઈ સૉનેટ છે. તો વિષય-વૈવિધ્ય પણ જોવા મળે છે. કુટુંબ, દામ્પત્યજીવન, સમાજ, ઋતુઓ, પ્રકૃતિ, ઈશ્વર, સર્જનવિશ્વ-સર્જકવિશેષ, સ્થળ, માનવસ્વભાવ, પશુપ્રેમ વગેરે જેવા વિષયો પ્રસ્તુત સંગ્રહમાં જોવા મળ્યાં છે.

કુટુંબ-સમાજને લગતા બારથીયે વધારે સૉનેટ પારુલ બારોટ આપે છે. 'ત્રિદલ' સંગ્રહનું પ્રથમ સૉનેટ છે. બાળકો, પતિ અને માતા-પિતાના સંબંધવિશ્વને અહોભાવ સાથે શિખરિણી છંદમાં ઢાળ્યું છે. જીવનમાં આવેલ વિકટ પરિસ્થિતિઓમાં માતા-પિતાની ઓથ કાયમ મળી છે.

''પિતા માતા મારા જીવનનું બહુમૂલ્ય ઝરણું,
ઘરે તોફાનોમાં બુડબુડ થતાં એક તરણું.''

-'ત્રિદલ'(પૃ.૧૩)

તો 'પ્રથાઓ'માં દીકરીને વળાવવાની પ્રથાના પરિણામે વ્યથિત થતી માની સંવેદના પ્રગટે છે.

''ઊંચા શ્વાસે અબઘડી મને કૈંક એવું જ લાગે,
ક્યાંએ કોઈ પગરવ નથી શૂળ જેવું જ વાગે.''

-'પ્રથાઓ' (પૃ.૧૯)

'શુભાશિષ'માં પણ આજ સંવેદના પ્રગટ થાય છે.

''પંખી મારું, હરતું ફરતું નીડ છોડી ઊડી'ગ્યું,
લીલી લીલી, તગતગ થતી ડાળથી એ છૂટી ગ્યું
ધીમી ધીમી, ઝળહળ થતી દીવડી કાં મૂંઝાઈ?
ફંગોળાતું, ગહન ગતિએ ગીત મીઠું ગવાતું,''

-'શુભાશિષ' (પૃ.૪૯)

અભ્યાસ કરતી વેળાની ઉંમરે જ પોતાની માના અવસાનની ઘટના કવયિત્રીના મુખે 'ઓ..મા મારી...' રચી આપે છે.

દામ્પત્ય જીવનના પાસાઓને પણ 'શયનગૃહ', 'હાર્દ', 'સૌભાગ્ય સ્મરણો' વગેરે જેવા સૉનેટમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. 'અખંડઆનંદ'માં પ્રકાશિત થયેલું 'શયનગૃહ'

સૉનેટ દામ્પત્ય જીવનના રસબિંદુઓનું ચિત્ર લઈ આવે છે. વૈવાહિક જીવન અને એની સાથે જોડાયેલ સંબંધોને સૉનેટમાં સંયમ સાથે આલેખ્યાં છે. 'હાર્દ'માં જન્મોજન્મથી પ્રણયસંબંધના ફળનો સ્વાદ માણે છે.

સ્ત્રી-નારી તરીકેની કૌટુંબિક જવાબદારીઓમાં રત હોવા ઉપરાંત પોતે જે જોયું-માણ્યું- અનુભવ્યું-એવાં-પ્રકૃતિ, ઋતુઓ, ઈશ્વર-અધ્યાત્મ, સર્જન જેવાં- વિષયોને કાવ્યમાં આલેખી બતાવે છે. 'સાધના', 'પરચો', 'તેજોન્મુખે', 'ગજાનંદ', 'અહર્નિશ', 'કનૈયો', 'મોક્ષાર્થે', 'શ્રી હરિ ગ્રંથકાર', 'શાતા' વગેરે જેવા વિષયોને સૉનેટગત રૂપ-આકાર આપવાનો પ્રયાસ એ સૉનેટ સ્વરૂપની પણ લાક્ષણિકતા છે. આ સૉનેટમાં ચિંતનાત્મકતાનું લક્ષણ સ્વાભાવિક જોવા મળે છે. ઝૂલણા છંદમાં પ્રગટતી 'સાધના' વૃત્તિ-પ્રવૃત્તિ સુંદર રીતે આલેખાઈ છે.

''કોણ મારું અને કોણ તારું ભલા એ બધી ચાહના મેલ આઘી,
ઓળખી કાઢવી જાતને જાતથી, થાય સૌ વારતા ત્યાં જ પૂરી.''
-'સાધના'(પૃ.૧૪)

-તો 'પરચો'માં-
''લીલા તારી જોઈ, હરિવર હું તો ભેખ ધરતી,
અને હંમેશાં હું, પ્રભુ પરમ પદને જ વરતી''
-'પરચો' (પૃ.૨૭)

''અરે, ભક્તો કાજે, ભૂદરજી અહીં આવી પ્રગટ્યા,
હજારો હાથો નૈં, ફક્ત ટચલીથી જ ઉગર્યા.''
-'ગોવિંદો' (પૃ.૪૦)

તહેવાર-ઋતુ-પ્રકૃતિ આદિનું આકર્ષણ પણ સાહજિક રીતે જ અહીંના સૉનેટમાં વિષય બનીને પ્રગટે છે. 'શિયાળો', 'વસંતો', 'વામણો', 'લીલેરાં ગાત્રો', 'આકાશી હંસની', 'તરબતર', 'ધરા', 'વડલો', 'નદી', 'સપ્તવર્ણી', 'ક્ષિતિજ', 'પવનમાં', 'શિવાંગી', 'ગંગા', 'શ્રવણી છંદ', 'તેજ કિરણો', 'વાદળું', 'વધાવ્યો'- વગેરેમાં પ્રકૃતિપ્રેમ-દર્શન-વર્ણન પ્રગટે છે.

'વધાવ્યો' સૉનેટમાં જિદે ચડેલો સૂર્ય ઉગવાની ના કહે છે અને પછી સૃષ્ટિ ઉપર જે અસર થાય છે એ કલ્પનાનું વર્ણન ચિત્રાત્મક રીતે કર્યું છે. 'શાણો' સૂર્ય આખરે હાસ્ય કરી પ્રગટ થાય છે, ત્યારે જગત તેને વધાવી લે છે.

''હા...હા...હાસ્યો, અઢળક કરી સૂર્ય શાણો પ્રકાશ્યો,
કંકુ ચોખે, જગતભરના સૌ જનોએ વધાવ્યો.''
-'વધાવ્યો'(પૃ.૭૦)

'તરબતર'માં ચોમાસાનું દૃશ્ય આ રીતે પ્રગટે છે.

''ચોમાસામાં, ઘન ગરજતું જોઈ હૈયાં ઠરે છે.
આંખોમાંએ, તરબતર થઈ હેત ઘોળી ઝરે છે,
ટીપેટીપે, ગગન ભરીને બાહુપાશે ધરે છે,
મીઠી મીઠી મધુર રસની રોજ લ્હાણી કરે છે,''
-'તરબતર'(પૃ. ૨૪)

'વડલો'માં કબીરવડની શોભા અને મહાનતાને દર્શાવી છે. 'નદી' જેવા પ્રકૃતિનાં ગતિશીલ અંશને કવયિત્રી 'પૃથ્વી'માં બાંધી આપે છે. નદીના સ્વભાવ અને ગતિને આ સૉનેટમાં પ્રગટ કર્યા છે.

સજીવન રૂપે એક હરણી

''બધી જ્ઞાનેન્દ્રિયો, અહીં તહીં ઢળી શોધ કરતી,
ઘણી આંખો ઠારી, મધમધ થતી આહ ઝરતી.''
-'સપ્તપર્ણી' (પૃ. ૩૫)

''ઉષાને સંધ્યા બે, ક્ષિતિજ પર આવી હરખતી
ધીમા શ્વાસો ઓઢી, ધવલ કુસુમે રોજ મળતી
ભૂરા આકાશેથી, મખમલીપણું હાય ખરતું
ભીનાં હૈયાં ઘોળી, ગગન પરીનું રૂપ ઝરતું''
-'ક્ષિતિજ'(પૃ.૪૪)

કોઈ પણ સર્જકને સર્જનપ્રક્રિયા કે કોઈ સર્જક અભિવ્યક્તિનો વિષય બનાવવાની સ્વાભાવિક ઇચ્છા થતી હોય છે કવયિત્રી પારુલ બારોટ પણ સર્જનક્ષેત્રને લઈને સૉનેટ લખવા પ્રેરાય છે ખૂલી બારીથી કવયિત્રી 'પીગળતી બહુમૂલ્ય કવિતા'ને ભાવક માટે રમવા મૂકી આપે છે. 'મીઠા આવેગો'ની આસકિતને કાવ્યમાં ઢાળે છે. તો 'ચોપડી' સૉનેટમાં ઉપદેશાત્મક સૂર પ્રગટે છે 'ઈર્શાદ'માં સ્વ. ચિનુમોદીના સર્જન-જીવનને વિષય બનાવી એમના પ્રત્યે અહોભાવ પ્રગટ કરે છે.

''ઊડી' ગ્યાં શ્વાસોનાં ધણ મલકતી ધૂળ મૂકીને,
જીવ્યા કૈં એવું કે સફળ થયું 'ઈર્શાદ' લખવું.''
-'ઈર્શાદ' (પૃ. ૫૧)

કલમની શક્તિની ભક્તિ કરવાનો ભાવ 'મને બોલાવે છે'માં જુઓ-

''મળી વિદ્યારૂપે, કલમ કરમાં આજ શક્તિ,
નિભાવું એને હું, નિત નિત કરી રોજ ભક્તિ.''
-'મને બોલાવે છે' (પૃ. ૭૨)

ગઝલના સ્વરૂપનું આકર્ષણ પણ આ કવયિત્રીને રહ્યું છે. એના પરિણામ સ્વરૂપ સૉનેટના સ્વરૂપમાં પ્રાસરચના ગઝલને અનુરૂપ રદિફ 'વહેલી' શબ્દના આવર્તનથી સાધવાનો પ્રયોગ કરે છે. પ્રથમ બે પંક્તિના અંતે 'વહેલી' અને પછીની એક પંક્તિ છોડી અંતે આવતો 'વહેલી' શબ્દ એ 'ગઝલ સ્વરૂપ'ની યાદ અપાવે છે આ પ્રકારે 'શણગારો' સૉનેટમાં પણ પ્રાસબંધ જોવા મળે છે.

આ ઉપરાંત માનવસમાજના સ્વભાવોને કોઈ સ્થળને, જીવનને કે કોઈ વ્યક્તિચિત્રને પ્રાણીને શબ્દદેહ આપવાનો પ્રયાસ સંગ્રહમાં જોવા મળે છે ઉપરાંત સમગ્ર સંગ્રહમાં સ્ત્રીસહજ સર્જકત્વ વર્તાયા કર્યું છે.

'સૉનેટસંગ્રહ' એવો નિર્દેશ કર્યા પછી પ્રસ્તુત સંગ્રહમાં જેને સૉનેટ કહ્યા છે એમાં ૨૦ પંક્તિનું એક, ૧૮ પંક્તિના ચાર કાવ્યો મુકાયા છે. આ પાંચ કાવ્યોને અહીં સમાવી શકાય કે કેમ એ પ્રશ્ન તો છે જ! સૉનેટની આંતર-બાહ્ય લાક્ષણિક્તાઓને આ રીતે ફેરફાર કરી સૉનેટ સિદ્ધ થઈ શકે કે કેમ? સૉનેટના સ્વરૂપની એક ચોક્કસ પરંપરાને વિચારવેગના સંતોષ માટે જ કદાચ ચૌદ પંક્તિઓનું અઢાર અને વીશ પંક્તિઓ સુધી લંબાણ થયું હોય એવું બને. આમ છતાં આજે જ્યારે સૉનેટ લખવાથી બધા કવિઓ લગભગ દૂર રહે છે ત્યારે આ સ્વરૂપને ગુજરાતી ભાષામાં ટકાવી રાખવાના પ્રયત્નના ભાગરૂપે પણ આ ચૌદથી વધારે પંક્તિના સૉનેટ પ્રયોગલેખે આજે ગણવા કે કેમ એ પ્રશ્ન જ છે?

મોટાભાગના સૉનેટમાં આખા સૉનેટના અંતે જ પૂર્ણવિરામનો ઉપયોગ થયો છે. સળંગ વિચાર અલ્પવિરામ મૂકીને ચાલે છે તો ક્યાંક ઉદ્‌ગાર-પ્રશ્નાર્થ ચિહ્નો પણ આવશ્યકતા પ્રમાણે મૂકયા છે. વિરામ ચિહ્નોમાં પૂર્ણવિરામનો આવો પ્રયોગ સર્જકચિત્તમાં આવતો વિચારાવેગ પણ હોઈ શકે.

અડસઠ જેટલા સૉનેટોમાં નવ જેટલા છંદોનો પ્રયોગ થયો છે પુસ્તકના પ્રારંભે પારુલ બારોટે નોંધ્યું છે તેમ 'પિંગલદર્શન'નો અભ્યાસ કર્યો છે એ પણ મહદંશે સંગ્રહના સૉનેટ માં ફળદાયી નીવડયો છે. આમ છતાં કોઈ સૉનેટમાં છંદનાં બંધારણને તોડીને શબ્દ પસંદગી થઈ હોય એવું પણ બનવા પામ્યું છે. તો સંગ્રહના છેલ્લા સૉનેટ 'શાતા'માં એક સાથે બે છંદોનો વિનિયોગ થયો છે એ ધ્યાનપાત્ર છે. શિખરિણી અને મંદાક્રાંતા છંદનો એક જ સૉનેટમાં પ્રયોગ એ સર્જકચિત્ત અને સ્વરૂપ બંનેની અનિવાર્યતા જ લેખાવી શકાય! સંગ્રહના સૉનેટમાં મહદંશે અભિધા કે વર્ણનના સૂરે જ સર્જનપાક મળે છે. તો ક્યાંક સર્જકચિત્તના ભાષાનો ઉપલા સ્તરના ચમકારા પણ મળે છે ઉપરાંત સર્જન ભાવાવેગ પણ જોવા મળે છે. આ ભાવાવેગ ક્યાંક નબળો પડ્યો દેખાય તો એનું એક કારણ એ પણ હોઈ શકે કે એને સૉનેટ સ્વરૂપમાં ઢાળવાનો પ્રયાસ પણ હોઈ શકે. આમ છતાં કવયિત્રીના સૉનેટ લેખન અને છંદ અભ્યાસનું સાતત્ય આથી પણ વિશેષ પરિણામ અપાવે તો નવાઈ નહીં એટલું તો ચોક્કસ!

-અભિનંદન

---

અનુસ્નાતક ગુજરાતી વિભાગ
એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ,

॥ વિદ્યાવૃત્ત ॥

## સેમકોમ કોલેજ ખાતે ફાઈન આર્ટસની કાર્યશાળા યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સચાલિત સેમકોમ કોલેજ ખાતે ફાઈન આર્ટસ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાઈન આર્ટસના વિવિધ વિષયો જેવા કે કોલાજ મેકિંગ, રંગોળી, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, કલે મૉડલિંગ, કાર્ટુનિંગ અને ક્રિએટીવ ક્રિએશન ઉપર કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળાનું સંચાલન સીવીએમ કોલેજ ઓફ ફાઈન આર્ટસના ફેકલ્ટી મિ. રાજેન્દ્ર થાનકે અને મિ. કૃણાલ ગોહીલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ ફાઈન આર્ટસનો ઈતિહાસ વર્ણવી પોસ્ટર અને ડ્રોઈંગના તફાવત અંગે માહિતી આપી હતી અને સ્પર્ધામાં ક્યા મુખ્ય પાસાઓને ધ્યાનમાં રાખી પરિણામ આપવામા આવે છે તેની ચર્ચા કરી હતી. બીકોમ, બીબીએ, બીસીએ અને બીબીએ આઈટીએમમાંથી લગભગ ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આચાર્યા ડૉ વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર મિસ. પલક પટેલ અને ડૉ ખ્યાતિ પટેલના સહીયારા પ્રયાસથી આ કાર્યશાળા સફળ થઈ હતી.

## વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ-૨૦૧૯

**પી.ડી.શર્મા**

ટેનિસ જ નહિ પણ વિશ્વભરની રમતોમાં આદરનું સ્થાન ધરાવતી ગ્રાન્ડસ્લેમની 'વિમ્બલ્ડન' સ્પર્ધા દર વર્ષે આશરે જુલાઈ માસમાં ખૂબ જ આદરપૂર્વક આયોજિત થાય છે. ઈંગ્લૅન્ડની પ્રજા ખૂબ જ પ્રણાલીગત પ્રજા છે. એટલે ઓગસ્ટ મહિનાના પહેલા સોમવારની જે તારીખ હોય, તેનાથી છ અઠવાડિયા અગાઉ જે સોમવાર હોય તે દિવસથી વિમ્બલ્ડનની શરૂઆત થાય છે અને આ રીતે આ વર્ષે ૧ જુલાઈથી વિમ્બલ્ડનની શરૂઆત થઈ હતી.

ટેનિસજગતમાં 'ઑલિમ્પિક' જેટલી લોકપ્રિયતા ધરાવતી વિમ્બલ્ડનની શરૂઆત ૯ જૂન, ૧૮૭૭ના રોજ કરવામાં આવી હતી. અને ત્યારથી બે વિશ્વયુદ્ધોને બાદ કરતાં આ સ્પર્ધા દર વર્ષે નિયમિત રીતે આયોજિત થતી રહી છે. લંડન પાસે આવેલા 'વિમ્બલ્ડન' નામના પરામાં આયોજિત થવાથી તે 'વિમ્બલ્ડન' તરીકે જગવિખ્યાત બની છે. જીવનનું અંતિમ લક્ષ્ય જેમ મનુષ્યને મોક્ષનું છે, તેમ ટેનિસના પ્રત્યેક ખેલાડીનું અંતિમ લક્ષ્ય જીવનમાં એકવાર વિમ્બલ્ડન સ્પર્ધા જીતવાનું હોય છે. વિમ્બલ્ડનનું મેદાન એ ટેનિસનું 'મક્કા' કહેવાય છે. ૧૮૮૪થી વિમ્બલ્ડનની સ્પર્ધામાં મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું હતું.

આ વર્ષે વિમ્બલ્ડનમાં પુરુષ વિભાગમાં સર્બિયાના નોવાક યોકોવિચ ને ટોપસીડનું સ્થાન આપવામાં આવ્યું હતું અને મહિલા વિભાગમાં ટોપસીડનું સ્થાન આ વર્ષે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બનવાની સાથે નંબર વન બનેલી ઓસ્ટ્રેલિયાની 'એશ્લી બાર્ટી'ને આપવામાં આવ્યું હતું.

### જીતવા માટે ફેવરિટ

આ વર્ષે પુરુષ વિભાગમાં વિજેતા બનવા માટે સર્બિયાના ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક યોકોવિચ હોટ ફેવરિટ હતા. આ ઉપરાંત સ્વિઝરલેન્ડના રોજર ફેડરર, સ્પેનના રફેલ નડાલ, જાપાનના નિશિકોટી, ફ્રાન્સના સોંગા, અમેરિકાના સેમ ક્વેરી, બેલ્જીયમના ડેવિડ ગોફિન વગેરે પણ ફેવરિટ હતા. જ્યારે મહિલા વિભાગમાં વિજેતા બનવા માટે જર્મનીની ડિફેન્ડિંગ ચેમ્પિયન એંજોલેક કેર્બર હોટ ફેવરિટ હતી. આ ઉપરાંત અમેરિકાની સેરેના વિલિયમ્સ, ઓસ્ટ્રેલિયાની એશ્લી બાર્ટો, રોમાનિયાની સિમોના હાલેપ, ચેક રિપબ્લિકની પેટ્રા કિવટોવા, જાપાનની નાઓમી ઓસાકા, અમેરિકાની એલીસન રિસ્કેન, બ્રિટનની કોન્ટા, યુક્રેનની સ્વિટોલીના વગેરે પણ ફેવરિટ હતી.

### મેજર એપસેટો


આ વર્ષે વિમ્બલ્ડનમાં શરૂઆતથી જ અપસેટો સર્જાયા હતા. દા.ત. 'મેન્સ સિંગલ્સ'માં ત્રીજા રાઉન્ડ સુધીમાં તો ટોપ-૧૦માંથી છ ખેલાડીઓ-એન્ડરસન,થિયમ, ઝ્વેરેવ, સિપ્સિપાસ, આઈસનર તથા ખાચાનોવ ટુર્નામેન્ટની બહાર થઈ ગયા હતા. આ રીતે જ 'વિમેન્સ સિંગલ્સ' જાપાનની નાઓમી ઓસાકા, અમેરિકાની વિનસ વિલિયમ્સ, ડેનમાર્કની વોઝનીઆકી, જર્મનીની ડિફેન્ડિંગ ચેમ્પિયન એંજેલિક કેર્બર વગેરે પણ શરૂઆતના રાઉન્ડસમાં જ ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. એવી રીતે જ પુરુષ ખેલાડીઓમાં સ્વિઝરલેન્ડના વાવરિન્કા, ફ્રાન્સના સોંગા, જાપાનના નિશિકોરી, એમેરિકાના સેમ કવેરી, બેલ્જીયમના ડેવિડ ગોફિન, આર્જેન્ટીનાના ગુલિર્મો પેલ્લા સેમિફાઈનલ પહેલા જ ટુર્નામેન્ટની બહાર થઈ ગયા હતા.

### મુખ્ય વિશેષતાઓ

વિમ્બલ્ડન ટેનિસજગતની સૌથી પ્રાચીન, પ્રતિષ્ઠિત અને શિસ્તબદ્ધ ટુર્નામેન્ટ ગણાય છે. એટલે એમાં ભાગ લેનાર ખેલાડીઓએ ઉચ્ચ સ્તરની રમત રમવી જોઈએ. આ વર્ષે વિમ્બલ્ડનમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડી ટોમિયે ફ્રાન્સના ખેલાડી સોંગા સામે ખૂબજ નિમ્ન સ્તરની રમત રમી હતી અને તે બદલ તેઓને રૂપિયા ૩૮લાખનો દંડ કરવામાં આવ્યો હતો. આ વર્ષે વિમ્બલ્ડનમાં પુરુષ વિભાગમાં શરૂઆતથી જ વિશ્વના મહાન ત્રણ ટેનિસ ખેલાડીઓ-સર્બિયાના નોવાક યોકોવિચ, સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર તથા સ્પેનના રફેલ નડાલે ખૂબજ સારી રમત રમી હતી. એને કારણે તેઓ ત્રણેય ખેલાડીઓ પ્રેક્ષકોના ખૂબજ આદરપાત્ર ખેલાડીઓ રહ્યા હતા. એટલું જ નહિ પણ આ ત્રણેય ખેલાડીઓ સેમિફાઈનલ સુધી પહોંચ્યા હતા. આ વર્ષે વિમ્બલ્ડનમાં મહિલા વિભાગમાં ઓસ્ટ્રેલિયાની એશ્લી બાર્ટો, અમેરિકાની સેરેના વિલિયમ્સ, રોમાનિયાની સિમોના હાલેપ, ચેક રિપબ્લિકની સ્ટ્રાયકોવા, યુક્રેનની સ્વિટોલીના વગેરેને છોડીને અન્ય મહિલા ખેલાડીઓનો

દેખાવ ખૂબજ સામાન્ય રહ્યો હતો અને મોટા ભાગની મહિલા ખેલાડીઓ એટલા માટે જ ત્રીજા રાઉન્ડ પહેલા જ ટુર્નામેન્ટની બહાર થઈ ગઈ હતી. આ વર્ષે મહિલાઓમાં સર્વશ્રેષ્ઠ દેખાવ અમેરિકાની સેરેના વિલિયમ્સ અને રોમાનિયાની સિમોના હાલેપનો રહ્યો હતો અને તેથી જ આ બંને મહિલા ખેલાડીઓ ફાઈનલમાં પ્રવેશી હતી. આ વર્ષે સ્વિઝરલેન્ડના રોજર ફેડરરે જાપાનના નિશિકોરીને હરાવીને વિમ્બલ્ડનમાં અકલ્પનીય રીતે ૧૦૦મી મેચ જીતી હતી. આ રીતે જ આ વર્ષે ૩૭ વર્ષીય અમેરિકાની લેજન્ડરી ખેલાડી સેરેના વિલિયમ્સે ફાઈનલમાં પહોંચીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. વિમ્બલ્ડનમાં મેચ જોતાં જોતાં 'સ્ટ્રોબેરી' ખાવાની પરંપરા વર્ષોથી અકબંધ છે. આ વર્ષે પણ વિમ્બલ્ડનમાં હજારો કિલો સ્ટ્રોબેરીનું વેચાણ થયું હતું.

### વિમેન્સ સિંગલ્સ ફાઈનલ



આ વર્ષે ૨૭ વર્ષની ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન રોમાનિયન ખેલાડી સિમોના હાલેપે ફાઈનલમાં અમેરિકાની ૩૭ વર્ષીય લેજન્ડરી સુપરસ્ટાર સેરેના વિલિયમ્સને ૬-૨, ૬-૨થી હરાવીને વિમ્બલ્ડન વિમેન્સ સિંગલ્સ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. આ રીતે હાલેપે વિમ્બલ્ડન વિમેન્સ સિંગલ્સ જીતનારી રોમાનિયાની સૌ પ્રથમ મહિલા ખેલાડી તરીકેનો રેકોર્ડ નોંધાવ્યો હતો. હાલેપે કારકિર્દીની પહેલી વિમ્બલ્ડન ફાઈનલને યાદગાર બનાવી હતી. જ્યારે સેરેના વિલિયમ્સ સતત બીજા વર્ષે વિમ્બલ્ડનની ફાઈનલમાં એવી ખેલાડી સામે હારી હતી કે જે તેની કારકિર્દીની સૌપ્રથમ વિમ્બલ્ડન ફાઈનલ રમી રહી હોય. ગત વર્ષે કારકિર્દીની સૌ પ્રથમ વિમ્બલ્ડન ફાઈનલ રમી રહેલા જર્મનીની એંજેલિક કેર્બરે સેરેનાને હરાવીને ટાઈટલ જીત્યું હતું. આવર્ષે હાલેપ સામેના પરાજય સાથે સેરેનાનું નવમું વિમ્બલ્ડન ટાઈટલ અને ઓવરઓલ ૨૪મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતવાનું સ્વપ્ન રોળાઈ ગયું હતું.

આ વર્ષે સાતમો સીડ ધરાવતી હાલેપે માત્ર ૫૬ મિનિટમાં જ જીત હાંસલ કરી લીધી હતી. તેણે ૨૦૧૮માં ફ્રેન્ચ ઓપન ટાઈટલ પણ મેળવ્યું હતું. આ રીતે હાલેપ હાલમાં બે ગ્રાન્ડસ્લેમ ટાઈટલ ધરાવે છે.

### મેન્સ સિંગલ્સ ફાઈનલ



આ વર્ષે ડિફેન્ડિંગ ચેમ્પિયન સર્બિયાના ટેનિસ સ્ટાર નોવાક યોકોવિચે સ્વિઝરલેન્ડના લેજન્ડરી સુપરસ્ટાર રોજર ફેડરરને વિમ્બલ્ડનના ઈતિહાસની મેરેથોન-એપિક ફાઈનલમાં ૭-૬(૭-૫), ૧-૬, ૭-૬(૭-૪) ૪-૬, ૧૩-૧૨(૭-૩)થી હરાવીને પાંચમી વખત વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. ગ્રાન્ડસ્લેમના ઇતિહાસની યાદગાર મેચોમાં સ્થાન મેળવે તેવી યોકોવિચ-ફેડરરની મેચ ચાર કલાક અને ૫૭ મિનિટ ચાલી હતી, જેમાં આખરી સેટ ૧ કલાક અને ૫૦ મિનિટ સુધી ખેંચાયો હતો. જ્યારે ૩૭ વર્ષીય ફેડરરનું નવમું વિમ્બલ્ડન ટાઈટલ જીતવાનું સ્વપ્ન અધૂરું રહ્યું હતુ.

યોકોવિચે આ સાથે ફેડરર સામે વિમ્બલ્ડનની એક પણ ફાઈનલ ન હારવાનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો. નોંધપાત્ર છે કે, યોકોવિચ ૨૦૧૪ અને ૨૦૧૫માં ફેડરરને ફાઈનલમાં હરાવીને વિમ્બલ્ડન ચેમ્પિયન બન્યો હતો. અંતે ૨૦૧૯માં વિજેતા બનીને વિમ્બલ્ડન ચેમ્પિયન તરીકેનો તાજ જાળવી રાખ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિમ્બલ્ડનનું ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. અને એ બદલ બધા જ આયોજકોને અભિનંદન અને આ રીતે કહી શકાય કે વિમ્બલ્ડન એટલે વિમ્બલ્ડન!

### છેલ્લા દસકાના વિમ્બલ્ડન વિજેતાઓ

નીચે વિમ્બલ્ડનના છેલ્લા દસકાના વિજેતાઓની વિગત આપવામાં આવી છે. આશા છે કે આ વિગત દરેક વાચકને ખૂબ જ રસપ્રદ લાગશે.

| વર્ષ | પુરૂષો | દેશ |
|---|---|---|
| ૨૦૧૦ | રફેલ નડાલ | સ્પેન |
| ૨૦૧૧ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૨ | રોજર ફેડરર | સ્વિઝરલેન્ડ |

| વર્ષ | પુરૂષો | દેશ |
|---|---|---|
| ૨૦૧૩ | એન્ડી મરે | બ્રિટન |
| ૨૦૧૪ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૫ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૬ | એન્ડી મરે | બ્રિટન |
| ૨૦૧૭ | રોજર ફેડરર | સ્વિઝરલેન્ડ |
| ૨૦૧૮ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૯ | નોવાક યોકોવિચ | સર્બિયા |

| વર્ષ | મહિલાઓ | દેશ |
|---|---|---|
| ૨૦૧૦ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૧ | પેટ્રા કિવટોવા | ચેક રિપબ્લિક |
| ૨૦૧૨ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |

| વર્ષ | મહિલાઓ | દેશ |
|---|---|---|
| ૨૦૧૩ | મારિયોન બર્તોલી | ફ્રાન્સ |
| ૨૦૧૪ | પેટ્રા કિવટોવા | ચેક રિપબ્લિક |
| ૨૦૧૫ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૬ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૭ | ગાર્બિન મુગુરૂઝા | સ્પેન |
| ૨૦૧૮ | એન્જેલિક કેર્બર | જર્મની |
| ૨૦૧૯ | સિમોના હાલેપ | રોમાનિયા |

B-1 Swiss Avenue, Patel Colony, Opp
Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015. (R) 079 - 26564650
(M) 9898870840

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળ દ્વારા રાજ્યની ખાનગી યુનિવર્સિટીની સ્થાપના 'ધી સીવીમ યુનિવર્સિટી'

ગુજરાત સરકાર શ્રી દ્વારા ચારુતર વિદ્યામંડળને તેની સ્થાપનાના ૭૫માં વર્ષે 'ધી સીવીએમ યુનિવર્સિટી'નો દરજ્જો પ્રાપ્ત થવા થઈ રહ્યો છે. જેમાં પ્રારંભિક ધોરણેજ અંદાજે ૧૦ હજાર વિદ્યાર્થીઓ ૫૬૦ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો તેમજ તેટલીજ સંખ્યાના બિન શૈક્ષણિક કર્મચારીઓ સાથે રાજ્યની સૌથી મોટા કદની ખાનગી યુનિવર્સિટી બની રહેશે.

॥ વિદ્યાવૃત્ત ॥

## એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં વીર નર્મદ સ્ટડી ક્લબ દ્વારા ફન વીથ સાયન્સ ઈવેન્ટ યોજાઈ.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં વીર નર્મદ સ્ટડી ક્લબ દ્વારા ફન વીથ સાયન્સ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાર્ડ્સ અને પિકશનરી રમતનું આયોજન કરાયું હતું. જેમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. બે બે વિદ્યાર્થીઓનાં ગ્રુપ બનાવવામાં આવ્યાં હતાં. ૧૫ વિદ્યાર્થીઓની ટીમે આ રમતમાં ભાગ લીધો હતો. ખેલાડીઓ દરેક અક્ષર માટે અને સંપૂર્ણ વસ્તુ માટે આપવામાં આવેલી લેખિત અથવા કાર્યકારી સંકેતમાંથી શબ્દ અથવા શબ્દસમૂહનો અંદાજ કાઢવાની રમત રમ્યા હતાં. આ રમત રમાડવા પાછળનો હેતુ એ હતો કે અક્ષર અને સંકેત જોતાં જ સાયન્સ ક્ષેત્રે વપરાતા ઉપયોગી શબ્દો અને વિષયોની સમજ વિદ્યાર્થીનાં માનસપટ પર અંકિત થાય છે અને સ્મરણ શક્તિમાં વધારો જોવા મળે છે અને જે તે શબ્દો અને વિષયોની તલસ્પર્શી અભ્યાસ કરવાનો વિચાર વિદ્યાર્થીને આવે છે. સંસ્થાનાં ઈનચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈનાં માર્ગદર્શન મુજબ વીર નર્મદ સ્ટડી ક્લબનાં કન્વીનર ડો. સ્વાતિ નારોલકર અને તેમની ટીમનાં સભ્યો ડો. નિર્મલ પટેલ, ડો. દિપીકા પટેલ, આસિસ્ટંટ લાઈબ્રેરિયન ડો. સંજય પારેખ, શ્રી સોહિલ પટેલ, તેમજ એરિબાસ બાયોટેકનોલોજીના વિદ્યાર્થીઓનો સવિશેષ ફાળો રહેલો હતો જેમાં અમૃતા નાયર, જાનુષી પટેલ, ફેનિલ પટેલ, હાર્દિક ગોસાઇ, કુનાલ શાહ અને વિશાખા પટેલ વગેરે દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

॥ વિદ્યાવૃત્ત ॥

## સી.વી.એમ. હોમ સાયન્સમાં ડેન્ટલ ચેક-અપ કેમ્પ

સી.વી.એમ. હોમ સાયન્સમાં તા. ૦૨/૦૭/૧૯ ના રોજ ધો-૧૧,૧૨ની વિદ્યાર્થિનીઓ માટે ડેન્ટલ ચેક-અપ કેમ્પ તથા ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુપ્રિમ શિવ મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લીનીકના ડૉ. મેહાલી ખરાદીએ દાંતના વિવિધ રોગો વિશે જાણકારી આપી તથા ડૉ.કેયુષા પટેલ અને ડૉ મેહાલી ખરાદી દ્વારા શાળાની ૨૦૦વિદ્યાર્થિનીઓનું ડેન્ટલ ચેક-અપ કરવામાં આવ્યું. જેમાં તેણે વિદ્યાર્થિનીઓને દાંતની સફાઈ અને રોગો વિશે માર્ગદર્શન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતી ડોલીબેન અને આશાબેને કર્યું હતું.

॥ વિદ્યાવૃત્ત ॥

## એનવિપાસ કોલેજમાં નશાબંધી વિષે અભિમુખતા કાર્યક્રમ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના એનએસએસ યુનિટ દ્વારા વિદ્યાર્થીઓ માટે એક ખાસ અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાનગર ટાઉન પીઆઈ શ્રી ડી. ડી. શિમ્પી સાહેબે નશીલા પદાર્થો અને તેના સેવનથી થતા ગેરલાભ વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે નશાખોરીથી બચવા જરૂરી ઉપાયો તથા નશીલા પદાર્થોના સેવન બદલ કાયદાકીય સજાની જોગવાઈઓ અંગે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે કાર્યકારી આચાર્યશ્રી ડો. હિમાંશુ ત્રિવેદી, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. અર્ચના શાહ, વિદ્યાર્થી પ્રતિનિધિ શિવાંગ પંડિત તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડો. તેજસ ઠક્કર, પ્રા. કાર્તિક જગતાપ, ડો. ધનંજય ધ્રુવ, પ્રા. મયુર પટેલ તથા વિદ્યાર્થી સ્વયંસેવકોએ ભારે પ્રયત્નો કર્યા હતા.

॥ વિદ્યાવૃત્ત ॥

૧. ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટીવી પટેલ હાયર સેકન્ડરીમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ વ્યાસ દ્વારા ગુરુપૂજન કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય મહેમાનપદે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિશ્વ વિદ્યાલય-ઓડ કેન્દ્રના બ્ર.કુ.રૂપલબહેન ઉપસ્થિત રહી મનુષ્ય જીવનમાં ગુરુનું અનેરુ મહત્વ વિવિધ દ્રષ્ટાંતો દ્વારા સમજાવ્યું હતું. શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોએ શિક્ષકોને કુમકુમ તિલક કરી, પુષ્પ આપી, મોં મીઠું કરાવી, ચરણ વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા ધોરણ ૧૧-એફ, વર્ગના વિદ્યાર્થી જય લીમ્બાચીયા અને ધૃવિલ પટેલે ગુરુમહિમાનું વર્ણન કર્યું. જ્યારે કૃપાલી ભોઇ અને નેહા વસાવાએ ગુરુવંદના ગીત રજૂ કર્યા હતા આચાર્યશ્રી વિજય કુમાર સુથાર અને સૌ શિક્ષકોએ વિદ્યાર્થીઓના આવા ઉત્તમ વિચાર અને ગુરૂ મહિમા વર્ણન દ્વારા ગુરુ પૂર્ણિમા ઉજવણી બદલ શુભકામનાઓ પાઠવી તેમજ દરેક બાળકના જીવનમાં હંમેશા સદગુરુના આશીર્વાદ મળતા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી કાર્યક્રમનું સંચાલન હર્ષદકુમાર વાઘેલાએ કર્યું જ્યારે ગીતાબેન ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો હતો

૨. ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૧૧મી જુલાઈ ''વિશ્વ વસ્તી દિવસ'' નિમિત્તે શાળાના અર્થશાસ્ત્ર વિષયના શિક્ષિકા શ્રીમતી હંસાબેન રાઠોડ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં એન.એસ.પટેલ કોલેજ-આણંદનાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકશ્રી જુવાનસિંહ વાળા મુખ્ય વક્તાપદે ઉપસ્થિત રહી શાળાના વિદ્યાર્થીઓને વિશ્વ વસ્તી દિવસ અંગે સ્લાઈડ-શોના માધ્યમથી વસ્તી વધારાની આંકડાકીય માહિતી તેમજ વસ્તી વિસ્ફોટના મુખ્ય કારણો, તેના કારણે ઉભી થતી સમસ્યાઓ, તેને કંટ્રોલ કરવાના ઉપાયો અંગે સ્પષ્ટ સમજ આપી હતી શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે વિદ્યાર્થીઓને જણાવ્યું કે, દેશની વિશાળ જનસંખ્યાએ અમૂલ્ય માનવ ધન છે પણ તેના કારણે અનેક વિકટ સમસ્યાઓ સર્જાય છે અને વિકાસના લાભોથી સામાન્ય માણસ વંચિત રહી જાય છે સેમીનારના અંતે શ્રીમતી એચ.એમ.રાઠોડે આભારવિધિ કરી જયારે સંચાલન શ્રી હર્ષદ કુમાર વાઘેલાએ કર્યું હતું.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ. પટેલ ટેક્નીકલ હાઈસ્કૂલના ૫૭માં સ્થાપનાદિનની ઉજવણી નિમિત્તે લેવાયેલ તસવીરમા સીવીએમના માનદ મંત્રી તથા કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. એસ.જી.પટેલ, મુખ્ય મહેમાન અને દાતાશ્રીના પરિવારના પ્રતિનિધિ શ્રીમતી કલાબેન પટેલ, મુખ્ય વક્તા ડાકોર-ભવન્સ કૉલેજના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાયી, અતિથિ વિશેષ ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીશ્રી ખોડાભાઈ પટેલ તથા શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી શંકરભાઈ પારગી દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એરીબાસ ન્યુ વલ્લભ વિદ્યાનગર કોલેજ ખાતે એન.એસ.એસ અને સ્વાન કલબ હેઠળ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે યોજાયેલ અભિમુખતા કાર્યક્રમ નિમિત્તે લેવાયેલ તસવીરમા મંચસ્થ અતિથિ વિશેષ તથા બીજેવિએમ કોલેજના એન.એસ.એસ. કન્વીનર ડૉ. પરેશ યુ મોરધરા, સંસ્થાના ઈન્ચાર્જ નિયમિકા ડૉ. ભક્તિ વાજપેયી તથા સંસ્થાના એન.એસ. એસ. અને સ્વાન કલબના કન્વીનરશ્રીઓ ડૉ. કીન્નરી મિસ્ત્રી તથા ડૉ. દિગ્વિજયસિંહ રાણા દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમા વૃક્ષારોપણ કરતા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દશ્યમાન થાય છે.

August 2019

V-Vidyanagar 21 (8)
Published on 05.08.2019
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month












ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વારા આયોજિત મોનસૂન સ્પોર્ટસ કાર્નિવલ-૨૦૧૯ પ્રસંગે લેવાયેલ વિવિધ તસવીરોમા સીવીએમના માનદ મંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રીશ્રીઓ મેહુલભાઈ પટેલ, કે. એસ. પટેલ, વિશાલભાઈ પટેલ, અતિથિ વિશેષ શ્રી દેવાંગભાઈ દેસાઈ, શ્રી શૈલુ પટેલ (કોમ્ફી ફર્નીચર), કાર્નિવલના આયોજકો ડૉ. રજનીકાંત પી. પટેલ, ડૉ.જયંતભાઈ ચૌહાણ તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં વિદ્યાર્થીઓનું ઉત્સાહ વર્ધન કરતા મહાનુભાવો નજરે પડે છે.

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)